◆ વર્ષ: ૪, ◆ અંક: ૦૯, ◆ સળંગ અંક: ૪૪,
◆ તા.૨૦/૦૬/૨૦૨૦, શનિવાર, ◆ પાના-૪,
◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦,
◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/-
(કુરીયર મારફત લવાજમ રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ,
◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦,
ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦
◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022.
Office of posting Una Post Office on 3rd Monday of Every Months

# ટેક્ષ ટુડે

Tax Today (Monthly)

RNI No.GUJGUJ/2016/74805
e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# RCM હેઠળ જવાબદાર વ્યક્તિની ક.૨૪ હેઠળ નોંધણી નંબર મેળવવાની જવાબદારી



ધવલ એચ.પટવા,
એડવોકેટ, સુરત.

જીએસટી કાયદા હેઠળ સામાન્ય રીતે માલ કે સેવાનો સપ્લાય કરનાર સપ્લાયર પર વેરો ભરવાની જવાબદારી આવે છે પરંતુ કેટલાક સંજોગોમાં માલ કે સેવાના સપ્લાયરને બદલે માલ કે સેવા મેળવનાર પર RCM (Reverse Charge Mechanism) હેઠળ જીએસટી ભરવાની જવાબદારી થાય છે, એટલું જ નહીં પરંતુ RCM હેઠળ વેરાપાત્ર વ્યક્તિની ફરજિયાતપણે નોંધણી નંબર મેળવવાની પણ જવાબદારી રહે છે. આ અંગે ચર્ચા કરતા પહેલા સીજીએસટી કાયદામાં નોંધણી નંબર મેળવવાની જવાબદારી અંગે કલમ ૨૨, ૨૩ અને ૨૪માં જે જોગવાઈ કરવામાં આવી છે તેના અંગે થોડી ચર્ચા કરીએ.

- ક.૨૨ની જોગવાઈ મુજબ કરપાત્ર માલ કે સેવા કે બંનેનાં સપ્લાયર કે જેનું એકંદરે ટર્નઓવર (Aggregate Turnover) નાણાંકીય વર્ષ દરમ્યાન નક્કી કરેલ થ્રેસોલ્ડ લીમીટ (માલ તથા સેવાના અથવા માત્ર સેવાના સપ્લાયના કિસ્સામાં ૨૦ લાખ તથા ૦૧/૦૧/૨૦૨૦થી ફક્ત માલના સપ્લાયના કિસ્સામાં ૪૦ લાખ) કરતા વધતું હોય તો તેને ફરજીયાતપણે નોંધણી નંબર મેળવવાનો રહે છે.
- ક.૨૩ની જોગવાઈ મુજબ જો વ્યક્તિ વેરા માટે જવાબદાર ન હોય અથવા વેરાથી સંપૂર્ણ મુક્તિ મળેલ હોય તેવા માલ અથવા સેવા અથવા બંને સપ્લાય કરવાનો ધંધો કરતી હોય તેવી વ્યક્તિ જીએસટી કાયદા હેઠળ નોંધણી નંબર મેળવવા જવાબદાર રહેશે નહીં.
- **ક.૨૪ની જોગવાઈ મુજબ ક.૨૨માં ગમે તે જોગવાઈ હોય તેમ છતાં નીચે જણાવેલ સંજોગોમાં ફરજીયાત નોંધણી નંબર મેળવવાની જવાબદારી ઉભી થાય છે.**
- જ્યારે કોઈ વ્યક્તિ આંતર રાજ્ય કરપાત્ર સપ્લાય કરે.
- આકસ્મિક વેરાપાત્ર વ્યક્તિ (Casual Taxable Person) જ્યારે કોઈ વેરાપાત્ર સપ્લાય કરે.
- રીવર્સ ચાર્જ હેઠળ વેરો ભરવા જવાબદારી વ્યક્તિ.
- કલમ ૯ની પેટાકલમ(૫) હેઠળ જેને વેરો ભરવો આવશ્યક હોય તેવી વ્યક્તિઓ.
- બિનનિવાસી વેરો ભરવાપાત્ર વ્યક્તિઓ (Non Resident Taxable Person) જેઓ વેરાપાત્ર સપ્લાય કરતા હોય.
- કલમ ૫૧ હેઠળ વેરાની કપાત કરવી જરૂરી હોય તેવી વ્યક્તિઓ.
- એજન્ટ તરીકે અથવા અન્યથા બીજી વેરાપાત્ર વ્યક્તિઓને બદલે માલ અથવા સેવા અથવા તે બંનેનો વેરાપાત્ર સપ્લાય કરતી વ્યક્તિઓ.
- ઈન્પુટ સેવા વિતરણકર્તા (Input Service Distributor).
- ક.૫૨ હેઠળ વેરો ઉઘરાવવાને જવાબદાર હોય તેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત કલમ ૯ (૫) હેઠળ નિર્દિષ્ટ કરેલા સપ્લાય સિવાયના માલ કે સેવા અથવા બંને પૂરા પાડતી હોય તેવી વ્યક્તિઓ.
- ક.૫૨ હેઠળ વેરો ઉઘરાવવાને જવાબદાર હોય તેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર.
- નોંધાયેલ વ્યક્તિ સિવાયની ભારત બહારના સ્થળની ઓનલાઈન સૂચના અથવા માહિતી આધારિત પ્રવેશ અથવા પુનઃપ્રાપ્તિ સેવાઓ ભારતમાં કોઈ વ્યક્તિને પૂરી પાડતી દરેક વ્યક્તિ.
- જીએસટી કાઉન્સિલની ભલામણને આધારે સરકાર દઘારા જાહેર કરવામાં આવે તેવી બીજી કોઈપણ વ્યક્તિ.

આમ, કલમ ૨૨ તથા કલમ ૨૩ની જોગવાઈ મુજબ જે વ્યક્તિનું નાણાંકીય વર્ષ દરમ્યાન એકંદરે ટર્નઓવરનક્કી કરેલ થ્રેસોલ્ડ કરતાં ઓછું હોય અથવા જો વ્યક્તિ વેરા માટે જવાબદાર ન હોય તેવા કે વેરાથી સંપૂર્ણ મુક્તિ મળેલ હોય તેવા માલ અથવા સેવા અથવા બંનેનો સપ્લાય કરતી હોય તેવી વ્યક્તિઓ જીએસટી કાયદા હેઠળ નોંધણી નંબર મેળવવાને પાત્ર નથી પરંતુ ક.૨૪(૩)ની જોગવાઈ મુજબ જ્યારે કોઈ વ્યક્તિએ કલમ ૯(૩)માં દર્શાવેલ RCMને પાત્ર માલ કે સેવા મેળવી હોય તો તેટલા માત્રથી જ તેણે જીએસટી કાયદા હેઠળ નોંધણી નંબર મેળવવાની જવાબદારી ઉભી થશે.

આ જોગવાઈ સબંધમાં એક પ્રશ્ન એ થાય છે કે શું કરમુક્ત માલ કે સેવા સપ્લાય કરનાર વ્યક્તિએ પણ માત્ર RCM હેઠળ વેરાપાત્ર માલ કે સેવા મેળવવાના કારણે નોંધણી નંબર મેળવવાની જવાબદારી રહે કે કેમ?

આ સંદર્ભમાં મહારાષ્ટ્ર એડવાન્સ રૂલીંગ ઓથોરીટીનાં મે. જલારામ ફીડસ (GST - ARA - 110/2018-19/B-38) ના કેસમાં તા.૧૦/૦૪/૨૦૧૯માં આપવામાં આવેલ ચુકાદા મુજબ વેરામુક્ત માલનો સપ્લાય હોવા છતાં RCMને પાત્ર સેવા મેળવવાના કારણે અરજદારને નોંધણી નંબર મેળવવા જવાબદાર ઠરાવવામાં આવેલ છે.


આ કેસની હકીકત મુજબ મે. જલારામ ફીડસ એ એક એનીમલ ફીડસ (પશુ ખાદ્યપેદાશ HSN-2309)નાં ઉત્પાદનનો ધંધો કરતી પેઢી હતી. જે જીએસટી કાયદા હેઠળ માફી માલ છે. આ સિવાય તેનો અન્ય કોઈ ધંધો ન હતો અને આ પશુ ખાદ્યપેદાશોનો મોટા ભાગનો ખરીદદાર વર્ગ ખેડૂતો હતા. આ પેઢીએ આ પશુ ખાદ્યપેદાશોને લાવવા લઇ જવા માટે કલમ ૯(૩) હેઠળ RCMને પાત્ર ઠરાવવામાં આવેલ ગુડ્સ અને ટ્રાન્સપોર્ટ એજન્સીની (GTA)ની સેવાનો લાભ લીધો હતો.

આ અંગે અરજદારની દલીલ હતી કે પોતે માફી માલનો ધંધો કરતો હોવાથી તથા કલમ ૨૩ હેઠળની એક સ્વતંત્ર જોગવાઈ હેઠળ સમાવિષ્ટ હોવાથી પોતે નોંધણી નંબર મેળવવા જવાબદાર થશે નહિ. કલમ ૨૪ એ કલમ ૨૨ને ઓવરરાઈડ કરતી જોગવાઈ હોવાથી તથા પોતે ક.૨૩ હેઠળ સમાવિષ્ટ હોવાથી તેણે નોંધણી નંબર મેળવવાનો રહેતો નથી.

આ રજૂઆતની સામે જીએસટી ઓથોરીટીનાં જણાવવા મુજબ ગુડ્સ અને ટ્રાન્સપોર્ટ એજન્સીની (GTA)ની સેવા જીએસટી કાઉન્સિલની ભલામણને આધારે સરકાર દ્વારા RCMને પાત્ર નોટીફાઈ કરવામાં આવેલ છે કલમ ૨૪ એ કલમ ૨૨ને માત્ર એકંદર ટર્નઓવર પૂરતી ઓવરરાઈડ કરે છે અને RCMને પાત્ર સેવા મેળવવા માત્રથી વ્યક્તિ કરમુક્ત માલ કે સેવા પર વેરો ભરવાને જવાબદાર ઠરતો નથી. જો અરજદારની રજૂઆત સ્વીકારવામાં આવે તો સેવા મેળવનાર તથા સેવા આપનાર બંને જીએસટીના દાયરામાંથી બહાર રહી જાય જે કલમ ૨૪ના અર્થઘટન સાથે સુસંગત નથી.

ઉપરોક્ત રજૂઆતોના અંતે મહારાષ્ટ્ર એડવાન્સ રૂલીંગ ઓથોરિટીએ એવો ચુકાદો આપ્યો કે કલમ ૨૩ ભલે સ્વતંત્ર જોગવાઈ છે પરંતુ કલમ ૨૪ની જોગવાઈના હેતુનો ભંગ ન થાય તે માટે કલમ ૨૩ તથા કલમ ૨૪ સાથે વાંચવી જોઈએ અને આ કારણોસર અરજદાર જીએસટી કાયદા હેઠળ નોંધણી નંબર મેળવવા જવાબદાર હોવાનું ઠરાવવામાં આવ્યું. આજ અભિપ્રાય મે. મેડીવિઝન સ્કેન એન્ડ ડાયગનોસ્ટીક રીસર્ચ સેન્ટર પ્રા.લિ. (KER/41/2019)નાં કેસમાં પણ તા.૧૨/૦૪/૨૦૧૯ના રોજ કેરેલા એડવાન્સ રૂલીંગ ઓથોરીટી મારફત આપવામાં આવ્યો છે.

આમ કરપાત્ર માલનો ધંધો કરનાર વ્યક્તિ તો ભલે તેનું એકંદર ટર્નઓવરનિર્ધારિત મર્યાદા કરતાં ઓછું હોય તો પણ RCM પાત્ર માલ કે સેવા મેળવવાપાત્રથી ફરજિયાત નોંધણી નંબર મેળવવા જવાબદાર થાય જ છે પરંતુ વેરામુક્ત માલનો ધંધો કરતી વ્યક્તિ પણ RCMને પાત્ર માલ કે સેવા મેળવે તો તેણે પણ ફરજિયાતપણે નોંધણી નંબર મેળવવો પડે જે ધ્યાનમાં રાખવું જરૂરી થઇ પડે છે.




# જી.એસ.ટી. કાયદા હેઠળ જાહેરનામા દ્વારા COVID-19ના કારણે મુદતમાં થયો છે વધારો.. પણ 'પોર્ટલ' હે કી માનતા નહીં

તા. ૧૧.૦૬.૨૦૨૦: COVID-19 મહામારીએ માત્ર ભારતજ નહીં પણ સમગ્ર વિશ્વને પોતાના ભરડાંમાં લીધેલ છે. છેલ્લા અઢી મહિના જેવા સમયથી દુનિયા લગભગ ઠપ થઈ ગઈ હોય તેવો માહોલ ઊભો થયો છે. ભારતમાં પણ માર્ચના અંત ભાગમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. લગભગ ૦૧ જૂન સુધી (અનેક વિસ્તારોમાં તો આજે પણ) લોકડાઉન સંપૂર્ણ રીતે અમલી હતું.

કોઈ પણ ટેકસેશન કાયદા માટે માર્ચ મહિનો અતિ મહત્વનો હોય છે. જી.એસ.ટી. કાયદા હેઠળ પણ માર્ચ માહિનામાં અનેક કામગીરીઓ કરદાતાઓ એ કરવાની રહેતી હોય છે. લોકડાઉન ના કારણે આ કામગીરીઓ કરવાં અંગે કરદાતાઓ માં ભય કે ચિંતા નો માહોલ ઊભો ના થાય તેના કારણે સમયસર નાણાં મંત્રીએ પ્રેસ કોન્ફરન્સ દ્વારા જી.એસ.ટી. હેઠળ મોટા ભાગની મુદતોમાં વધારો કરવામાં આવ્યો હતો. આ અંગે ના જાહેરનામા (નોટિફિશન) પણ ખૂબ સમયસર બહાર પાડી દેવામાં આવ્યા હતા. આ અંગે જાહેરનામું ૩૫/૨૦૨૦, તારીખ ૦૩ એપ્રિલ ૨૦૨૦ ના રોજ બહાર પાડવામાં આવ્યું હતું. આ જાહેરનામા દ્વારા ૨૦ માર્ચથી માંડી ને ૨૯ જૂન સુધી કરવાની થતી મોટાભાગની જી.એસ.ટી. હેઠળ ની વિધિઓની મુદત ૩૦ જૂન સુધી વધારવામાં આવેલ છે. આ વધારો કંપોઝીશનમાંથી બહાર નીકળી રેગ્યુલર દરે વેરો ભરવા ઇચ્છતા કરદાતાઓ ને પણ લાગુ પડે. આ કરદાતાઓએ પોતાના સ્ટોક ઉપરની ક્રેડિટ લેવા માટે જી.એસ.ટી. નિયમોના નિયમ ૪૦ હેઠળ ITC-૦૧ ફોર્મ, ક્રેડિટ લેવા હક્કદાર બન્યાના ૧ મહિના ની અંદર ભરવાનું રહે છે. આ જાહેરનામું ૩૫/૨૦૨૦ એ આ મુદતને પણ લાગુ પડે અને આ મુદત ૩૦ જૂન સુધી વધી ગઈ છે તેમ માનવાનું રહે. પરંતુ જી.એસ.ટી. પોર્ટલ આ જાહેરનામા મુજબ વર્તતું ના હોવાની રાવ, કર વ્યવસાયિકો કરી રહ્યા છે. ટેક્સ ટુડે સાથે વાત કરતાં પોરબંદર ના અગ્રણી ટેક્સ એડવોકેટ કેયૂર શાહ જણાવે છે કે "સંપૂર્ણ લોકડાઉનના કારણે કરદાતા, તેના એકાઉન્ટન્ટ તથા વકીલ તમામ માટે ઓફિસે જવું શક્ય ના હતું. આ ફોર્મની મુદત પણ વધી ગયેલ છે તેમ માની લેવામાં આવ્યું હતું. પરંતુ હવે જ્યારે લોકડાઉન બાદ ઓફિસો શરૂ થતાં આ અંગે પોર્ટલ પર ફોર્મ ભરવા પ્રયત્ન કરવામાં આવ્યા ત્યારે ખબર પડી કે 'પોર્ટલ' એ નોટીફીકેશન મુજબ વધારાની મુદત આપતું નથી. આ કારણે કરદાતાઓ એ મોટી નુકસાની ભોગવવી પડી રહી છે".

આજ પ્રકારે નોંધણી દાખલો રદની અરજી, સુધારા અરજી જેવા અનેક પ્રશશનિક કામગીરીઓ માં પણ આ નોટિફિકેશન મુજબ વધારો આપવામાં આનાકાની થઈ હોવાની ફરિયાદો મળી રહી છે. આ અંગે 'ટેક્સ ટુડે'ના સ્પેશિયલ જી.એસ.ટી કરસપોન્ડન્ટ CA મોનિષ શાહ એ ખાસ જણાવ્યું છે કે CA એસોસિયેશન અમદાવાદ (CAAA) દ્વારા એક વિગતવાર રજુઆત રાજ્યના જી.એસ.ટી. કમિશનરને કરવામાં આવેલ છે. આ નોટિફીકેશન મુજબ તમામ મુદતો નો વધારો સ્વીકારી પોર્ટલ તથા અધિકારીઓ વ્યાવહારિક મુશ્કેલીઓ સમજી અર્થઘટન કરે તેવી આશા કરદાતાઓ તથા કર વ્યવસાયિકો કરી રહ્યા છે.

(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે.)

# રોકડ ઉપાડ બાબતે APMC હેઠળ નોંધાયેલ કરદાતાઓને TDSમાં રાહત ચાલુ રહેશે કે કેમ???

## પોરબંદર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર દ્વારા નાણાંમંત્રીને પત્ર

**૧ કરોડથી વધુ રોકડ ઉપાડ ઉપર બેન્ક, પોસ્ટ ઓફિસ દ્વારા કરવામાં આવે છે TDS. અગાઉ APMC હેઠળ રજિસ્ટર્ડ કરદાતાઓ ને હતી TDSમાંથી હતી મુક્તિ**

તા. ૧૪.૦૬.૨૦૨૦: પોરબંદર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ભારત ના નાણાં મંત્રી ને ઈન્કમ ટેક્સ ની કલમ 194 N , જે TDS માટે લાગુ પડે છે તે અંગે ખુલાસા કરવા પત્ર લખેલ છે. ૧ કરોડ ઉપર ના બેન્ક, પોસ્ટ ના ઉપાડ પર જે TDS કરવાની જોગવાઈ છે તે માટે અગાઉ ખેતી ઉત્પાદન બજાર સમિતિ (APMC) હેઠળ નોંધાયેલ કરદાતાઓ ને મુક્તિ આપવામાં આવેલ હતી. ડિસ્ટ્રિક્ટ ચેમ્બર દ્વારા નાણાં મંત્રીને પુછ્વામાં આવેલ છે કે હવે જ્યારે આ કલમ માં સુધારા કરવામાં આવ્યા છે ત્યારે અગાઉ આપવામાં આવેલ મુક્તિ લાગુ રહેશે કે કેમ? ટેક્સ ટુડે સાથે વાત કરતાં ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ની ડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન CA દિવ્યેશ સોઢા જણાવે છે કે 'ફાઇનન્સ એક્ટ ૨૦૨૦થી ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૯૪ Nમાં સુધારો નથી કરવામાં આવ્યો પણ બદલવામાં આવેલ છે. આ માટે નાણાંમંત્રાલયે સત્વરે આ અંગે ખુલાસો કરવો જરૂરી છે'. ખેત પેદાશો સાથે કામ કરતાં લોકોને TDSમાંથી મુક્તિ મળે તેવી આશા કરદાતાઓ સેવી રહ્યા છે. (ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)

# SGST ખાતું ટપાલ કે કાગળ ના સ્વીકારતા હોવાની કરદાતાઓની ફરિયાદ

## ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એશો. દ્વારા રજૂઆત

તા. ૧૩.૦૬.૨૦૨૦: COVID-19ના કારણે હાલ ઘણી સરકારી કચેરીઓમાં કર્મચારીઓ સિવાયના વ્યક્તિઓ માટે પ્રવેશ બંધી છે. પરંતુ ગુજરાત રાજ્યની જી.એસ.ટી. કચેરીઓમાં વ્યક્તિઓની અવરજવર ઉપરાંત ટપાલ કે અન્ય કાગળ પણ સ્વીકારવામાં ના આવતી હોવાની ફરિયાદ ટેક્સ પ્રેકટિશનર્સ દ્વારા કરવામાં આવી રહી છે. આ અંગે જી.એસ.ટી. પ્રેકટિસનર્સના ગુજરાતના સૌથી મોટા એસોસીએશન ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એશો. દ્વારા રાજ્ય કમિશ્નરશ્રી ને રજૂઆત કરેલ છે. આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે ટપાલ કે કાગળ લેવાની વ્યવસ્થા સત્વરે ગોઠવવા માં આવે. આ રજૂઆતમાં એ પણ જણાવાયું છે કે ગુજરાત રાજ્યની તમામ ઘટક ઓફિસોમાં પણ ટપાલ, પત્રો સ્વીકારવા વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે. COVID-19ની આ મુશ્કેલ પરિસ્થિતીમાં તમામના હિતમાં એ જરૂરી છે કે જરૂરી કામ વગર વ્યક્તિઓને પ્રવેશ ના આપવામાં આવે પરંતુ ટપાલ તથા જરૂરી કાગળો સ્વીકારવા ની વ્યવસ્થા કરવી જરૂરી છે. આ બાબતે સત્વરે વ્યવસ્થા કરવામાં આવે તેવી આશા એસોશીએશન દ્વારા સેવાઇ રહી છે. (ભવ્ય પોપટ, એડિટર.)

# ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ કોસ્ટ ઈન્ફલેશન ઈન્ડેક્સ જાહેર કરવામાં આવી

## નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૩૦૧ રહેશે CII

તા. ૧૩.૦૬.૨૦૨૦: ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ મુખ્યત્વે બે પ્રકારના મૂડી નફા હોય છે. એક છે લાંબા ગાળાનો મૂડી નફો અને બીજું છે ટૂંકા ગાળાનો મૂડી નફો. સામાન્ય રીતે ખરીદી ની તારીખ થી ૨૪ મહિના સુધીમાં વહેંચી દેવામાં આવે અને મિલકત ઉપર જે નફો થાય તેને ટૂંકા ગાળાની મિલકત નો મૂડી નફો ગણવામાં આવતી હોય છે. આમ, ૨૪ મહિનાથી વધુ સમય ધારણ કરેલ મિલ્કત જ્યારે વેંચવામાં આવે ત્યારે આવી મિલ્કત ઉપર જે નફો થાય તેને લાંબા ગાળાનો મૂડી નફો કહેવાય છે. આ લાંબા ગાળાના મૂડી નફા ની ગણતરી માટે 'કોસ્ટ ઈન્ફલેશન ઈન્ડેક્સ' ખૂબ મહત્વની હોય છે. હાલ, આ ગણતરી માટે બેઇઝ વર્ષ તરીકે ૨૦૦૧ ને ગણવામાં આવે છે. આ બેઇઝ વર્ષ નું મૂલ્ય ૧૦૦ ગણી દર વર્ષ CBDT દ્વારા કોસ્ટ ઈન્ફલેશન ઈંડિક્સ બહાર પાડવામાં આવતી હોય છે. મિલ્કત ખરીદી કરી હોય તે વર્ષથી જે વર્ષે આ મિલ્કત વેંચવામાં આવે છે ત્યારે તે મિલ્કત ની ખરીદી કિમતમાં ઈન્કમ ટેક્સ હેઠળ તેની નીચે મુજબ ગણતરી થતી હોય છે.

મિલ્કતની પડતર કિમત 'જે વર્ષમાં મિલ્કત વેંચવામાં આવેલ હોય તે વર્ષની કોસ્ટ ઈન્ફલેશન ઈન્ડેક્સ/જે વર્ષમાં મિલ્કત ખરીદી કરેલ હોય તે વર્ષની ઈંડિક્સ વેલ્યૂ.

ઉદાહરણ તરીકે કોઈ મિલ્કત ૦૧.૦૪.૨૦૦૧ ના રોજ ૧૦૦ રૂા.માં ખરીદવામાં આવેલ હોય અને તેનું વેચાણ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં કરવામાં આવે તો આ ૧૦૦ રૂા.ની ખરીદેલ મિલ્કતની ઈન્કમ ટેક્સ ગણતરી માટેની પડતર નીચે મુજબ રહેશે.

૧૦૦x૩૦૧/૧૦૦=૩૦૧ આમ, ૧૦૦ રૂા.માં ખરીદેલ મિલ્કતની પડતર કિમત ૨૦૨૦-૨૧માં ૩૦૧ રૂા. થાય. જો આ મિલ્કત ૫૦૦ રૂ માં વેંચવામાં આવે તો ખરેખર ૪૦૦ રૂ નફો થયો હોવા છતાં કરદાતા એ ઈન્કમ ટેક્સ માત્ર ૧૯૯ રૂ ઉપરજ ભરવાનો થાય છે. આમ, કોસ્ટ ઈન્ફલેશન ઈંડિક્સ મૂડી નફાની ગણતરી માં મહત્વનો ભાગ ભજવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેની ઈન્ડેક્સ કોસ્ટનું મૂલ્ય ૩૦૧ જાહેર કરવામાં આવ્યું છે. વાંચકોના લાભાર્થી ૨૦૦૧-૦૨ના વર્ષથી શરૂ કરીને ૨૦૧૯-૨૦ સુધીની CII તથા ૨૦૨૦-૨૧ અંગેની વિગતો નીચે આપેલ છે.

**2001-02 થી 2020-21**

| Financial Year | Cost Inflation Index (CII) |
|---|---|
| 2001-02 (Base Year ) | 100 |
| 2002-03 | 105 |
| 2003-04 | 109 |
| 2004-05 | 113 |
| 2005-06 | 117 |
| 2006-07 | 122 |
| 2007-08 | 129 |
| 2008-09 | 137 |
| 2009-10 | 148 |
| 2010-11 | 167 |
| 2011-12 | 184 |
| 2012-13 | 200 |
| 2013-14 | 220 |
| 2014-15 | 240 |
| 2015-16 | 254 |
| 2016-17 | 264 |
| 2017-18 | 272 |
| 2018-19 | 280 |
| 2019-20 | 289 |
| 2020-21 | 301 |

# દમણ-દીવ તથા દાદરા નાગર હવેલીના વેપારીઓ માટે આવ્યા મહત્વના સમાચાર

તા. ૩૦.૦૫.૨૦૨૦: દાદરા નાગર હવેલી સાથે દમણ તથા દીવ નો વિલય ૨૬.૦૧.૨૦૨૦ થી કરી દેવામાં આવ્યો છે. આ વિલય બાદ ઘણા પ્રશાશનિક ફેરફારો કરવા જરૂરી બને. આ અંગે જી.એસ.ટી. કાયદા હેઠળ મહત્વનો ફેરફાર અંગેની 'ટ્રેડ નોટિસ' તા. ૨૦.૦૫.૨૦૨૦ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ ટ્રેડ નોટિસ દ્વારા નીચેની સ્પસ્ટતા કરવામાં આવેલ છે.

૧. દમણ તથા દીવ ના જી.એસ.ટી. નોંધણી નંબર જે હાલ '૨૫' (દમણ દીવ નો સ્ટેટ કોડ)થી શરૂ થાય છે તે હવે ૨૬ (દાદરા નાગર હવેલીનો સ્ટેટ કોડ)થી શરૂ થશે.
૨. આ માટે કરદાતાઓ (વેપારીઓ) કોઈ અલગથી વિધિ કરવાની રહેશે નહીં.
૩. દમણ તથા દીવના વેપારીઓ ને તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબરમાં તથા ઈ મેઈલ IDમાં નવા રજીસ્ટ્રેશન અંગે જાણ કરવામાં આવશે.
૪. આ સુધારો ૦૧-૦૬-૨૦૨૦થી લાગુ પડશે.
૫. કરદાતાઓ કે જેઓ જી.એસ.ટી. નંબર ધરાવે છે, તેઓએ નવો નોંધણી દાખલો આવતા, પોતાની બિલ બુક ફરીથી છપાવવી પડશે.
૬. દમણ તથા દીવ ના વેપારીઓ સાથે વેપાર કરતાં કરદાતાઓએ પણ તેઓનો સુધારેલો નંબર બિલો તથા રિટર્નમાં દર્શાવે તે તકેદારી રાખવી પડશે.

ખાસ નોંધ: આ અંગે નોટિફિકેશન ૪૫/૨૦૨૦ બહાર પાડી જાહેર કરવાંમાં આવ્યું છે કે હવે આ જી.એસ.ટી. નંબર અંગેનો સુધારો ૦૧ જૂન ના બદલે ૦૧ ઓગસ્ટથી લાગુ પડશે. (ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)

# બોયકોટ ચાઈના... "સોફ્ટવેર ઇન અ વીક-હાર્ડવેર ઇન અ ઈયર" શું આ શક્ય છે?


ભવ્ય પોપટ, એડિટર-ધ ડીજીટલ ન્યૂઝ

### બોયકોટ ચાઈના!!! શું વાસ્તવિક ધોરણે શક્ય બને????

ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ એ ૧૯૫૪ ના પોતાના ચીન પ્રવાસ પછી "હિન્દી ચીની ભાઈ ભાઈ"ના નારાને દેશભરમાં ગુંજતું કર્યું હતું. આ નારો ૧૯૬૨ની સાલમાં ભ્રમણારૂપ સાબિત થયો જ્યારે ચીનની સેનાએ ભારત પર હુમલો કર્યો. આ યુદ્ધમાં ભારતે પોતાનો અમુક પ્રદેશ ગુમાવવો પડયો હતો. ૧૯૬૨ની લડાઈથી લઈ ને આજ દિન સુધી સીમાને લગતી સમસ્યા એ ભારત ચીન વચ્ચે સતત તણાવનું કારણ બની રહી છે. ૧૯૯૦ની સાલથી બંને દેશો લગભગ ૪૦૫૬ કિલોમીટર જેટલી લાંબી સરહદ બાબતે લાઈન ઓફ એકચ્યુલ કંટ્રોલ (LAC)ને લઈને વાટાઘાટો કરી રહ્યા છે. વાંચક મિત્રો, અત્યારે એક બાબત જાણવી ખૂબ જરૂરી છે કે આ સીમા વિવાદ ભારતના કેન્દ્ર શાશીત પ્રદેશ 'લદ્દાખ' અને ચાર પૂર્વોત્તર રાજ્યો ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, સિક્કિમ તથા અરુણાચલ પ્રદેશ સાથે જોડાયેલ છે. આજ દિન સુધી આ વાટાઘાટોમાં કોઈ સફળતા હાથ લાગી નથી. હાલ, મે મહિનાથી ચીની સેનાએ ફરી ભારતના વિસ્તારોમાં પોતાના તાંબું ખડક્યા હોવાના અહેવાલો આવ્યા હતા. ભારતીય સેનાએ પણ ચીની સેનાને મુહતોડ જવાબ આપ્યો છે. COVID-19ના ફેલાવવામાં ચાઈનાથી નારાજ અમેરિકાએ આ બાબતે ભારતનો પક્ષ લીધો છે. હવે મુદ્દા ઉપર આવું તો છેલ્લા થોડા સમયથી લદ્દાખ ના જાણીતા વ્યક્તિ એવા સોનમ વાંગચૂક દ્વારા 'બોયકોટ ચાઈના' અંગે ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે. 'સોનમ વાંગચૂક'ને આપ સૌ જાણતાજ હશો. આ એ વ્યક્તિ છે જેના ઉપરથી પ્રેરાયને રાજકુમાર હિરાણીની પ્રખ્યાત ફિલ્મ '૩ ઈડિયટ્સ'નું 'રેંચો' પાત્ર લેવામાં આવેલ હતું. 'રેંચો'નું ફિલ્મી નામ 'ફુનસુખ વાંગડું' દર્શાવવામાં હતું.

મૂળ લદ્દાખના અને મુખ્યત્વે શિક્ષણ તથા પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત 'સોનમ વાંગચૂક' લદ્દાખના હોવાથી હાલ ચીન બોયકોટ અંગે પોતાની યુટ્યુબ ચેનલ ઉપર વિડીયો અપલોડ કરી રહ્યા છે. તેમના આ વિડીયોનો એક માત્ર મુદ્દો છે 'ફાઈટ ચાઈના વિથ વોલેટ રાધર ધેન બુલેટ'!! તેઓ મને છે કે ચાઈના જેવા સૈન્યની દ્રષ્ટિએ શક્તિશાળી દેશ સામે બુલેટ વડે એટલે પરંપરાગત યુદ્ધ વડે જીતવું મુશ્કેલ છે. ચીન ને હરાવવા આર્થિક મોરચા ઉપર લડવું ખૂબ જરૂરી છે. એક અંદાજ પ્રમાણે ૫ લાખ કરોડ જેટલો સમાન ભારત ચાઈના પાસેથી ખરીદે છે. તેઓ મને છે કે ભારત ના ૧૨૫ કરોડ ની જનતા તથા અંદાજે ૩ કરોડ જેટલા નોન રેસિડેંટ જો ચાઈના ના આ સમાન તથા સેવા ખરીદવાનું કે ઉપયોગ કરવાનું બંધ કરે તો આર્થિક ક્ષેત્રે ચાઈનાને ખૂબ મોટો ફટકો આપી શકે છે. આ માલ તથા સેવાની આવકમાંથી આપણો વોલેટમાંથી આપણી સામેજ બુલેટ સ્વરૂપે ઉપયોગ કરે છે. તેઓ મને છે કે ભારતમાં ખૂબ મોટા પાયે ચાઈના ના બનેલા હાર્ડવેર તથા સોફ્ટવેર ઉપયોગ કરે છે. સોનમ વાંગચૂકે ભારતીય જનતા ને અપીલ કરી છે કે ચાઈનામાં બનેલા 'સોફ્ટવેર-એપ્સ' એક અઠવાડિયામાં ડિલીટ કરી નાખવામાં આવે. જે ચાઈનીઝ હાર્ડવેરનો ઉપયોગ કરવામાં આવે છે તેને એક વર્ષમાં બદલી નાંખવામાં આવે. આમ, 'સોફ્ટવેર ઇન આ વીક-હાર્ડવેર ઇન આ ઈયર' તેમની થીયરી મુજબ ચાઈના ને સીમા બાબતે ભારતની ઉપેક્ષા કરવા બદલ સૌથી મોટો જવાબ હોય શકે છે.

### શું વ્યવહારિક દ્રષ્ટિએ 'બોયકોટ ચાઈના' શક્ય છે???

બોયકોટ ચાઈનાની મુહિમ સામે સૌથી મોટો પ્રશ્ન એ પુછવામાં આવે છે કે શું વ્યવહારિક દ્રષ્ટિએ આ 'બોયકોટ શક્ય' છે??

આ બાબતે સોનમ વાંગચૂક હકારમાં જવાબ આપે છે અને એક ઉદાહરણ આપતા જણાવે છે કે જૈન લોકો ડુંગળી ખાતા નથી. જો જૈન લોકો ડુંગળી ખાવા બાબતે એમ વિચાર્યા કર્યા હોત કે ડુંગળી નહીં ખાઈએ તો અલગ અલગ જગ્યાએ પ્રવાસ કરવાનો થાય તો હોટેલ માં જમવાનું વ્યવહારિક રીતે કેવી રીતે શક્ય બને??? આજે આપ સૌ ને આનો જવાબ આપવો સહેલો લાગશે કે દુનિયાના દરેક ખૂણે હાલ જૈન ફૂડ પીરસતી હોટેલો મળી રહે છે. જૈન લોકો પોતાના ધાર્મિક સિદ્ધાંત ને અનુસરવાનું ચાલુ રાખ્યું અને વ્યવહારિકતા બાબતે વિચાર્યા ના કર્યા અને આજે તેઓ પાસે પોતાના વિકલ્પો મળી સહ્યા છે. 'બોયકોટ ચાઈના' કેમ્પેનમાં પણ અમુક વર્ષોમાં ચાઈનાની ચીજ વસ્તુઓ ની સામે ભારતીય વસ્તુ બજારમાં ઉપલબ્ધ થઈ જશે તે બાબત ચોક્કસ છે.

### શું બોયકોટ ચાઈના ના કારણે ભારતીય વેપારીઓ ને થઈ શકે છે મોટું નુકસાન??

'બોયકોટ ચાઈના' બાબતે અન્ય એક સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે 'બોયકોટ ચાઈના'ના કારણે ભારતીય ધંધાર્થીઓ ને પણ મોટું નુકસાન ના થાય? ચાઈના સાથે ભારતીય ધંધાર્થીઓ મોટા પાયે જોડાયેલા છે. આયાતકાર હોય કે જથ્થાબંધ વેચનાર વેપારી, છૂટક વેપારી હોય કે નાનામાં નાના ફેરિયા, ખૂબ મોટા પ્રમાણમા ચાઈના ના માલ ના વેચાણ સાથે જોડાયેલા છે. 'બોયકોટ ચાઈના' મુહિમ આ તમામ ધંધાર્થીઓના માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. ટૂંક સમયમાં ચોક્કસ આ ધંધાર્થીઓ ને નુકસાન જવાનું સંભવ છે. પરંતુ આ અંગે આત્મનિર્ભર ભારત અંતર્ગત આયાતકાર, જથ્થાબંધ વેપારી ઉત્પાદન ક્ષેત્રે પણ વિસ્તારી શકે છે. તેવીજ રીતે છૂટક વેપારી કે ફેરિયા ભારતીય ઉદ્યોગો દ્વારા નિર્મિત વસ્તુઓ વેંચી ને પોતાનું ગુજરાન ચલાવી શકે છે. હા, હાલ જે ધંધાર્થીઓ પાસે આ ચાઈના નો માલ સ્ટોકમાં હશે તેઓને નુકસાન જાય તે બાબત ચોક્કસ છે. પણ બની શકે છે કે લાંબા ગાળા માટે તેમને ફાયદો થઈ શકે છે.

### શું કરવા ભારત સરકાર 'બોયકોટ ચાઈના' અંગે નિયમો નથી બનાવતી??

'બોયકોટ ચાઈના' વિષે અન્ય સવાલ ઘણા લોકો ના મનમાં એ આવી રહ્યો છે કે શું કરવાં ભારત સરકાર 'બોયકોટ ચાઈના' અંગે નિયમો બનાવતી નથી?? ભારત વિશ્વ વ્યાપાર સંઘ (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન)નું સભ્ય છે. આ સંગઠનના નિયમો મુજબ વિશ્વ વ્યાપાર માટે તમામ દેશો ના નિયમો મુક્ત અર્થતંત્ર પ્રેરિત કરતાં હોવા જરૂરી છે. આમ, ભારત કે કોઈ પણ દેશ કોઈ ખાસ કારણ વગર કોઈ પણ દેશ વિરુદ્ધ કોઈ નિયમો બનાવી શકે નહીં. આપ સૌએ જોયું હશે કે ભારતના પ્રધાનમંત્રીએ જ્યારે આત્મ નિર્ભર ભારત યોજના વિષે જણાવ્યુ ત્યાર પછી ખાસ ખુલાસો કર્યો કે આત્મનિર્ભર ભારત યોજના એ ભારતને વિશ્વ થી એકલું અટૂલું કરવાં માટે નથી પણ ભારતના ઉદ્યોગોને વૈશ્વિક ધોરણે લઈ જવા માટેનું મિશન છે. આ સ્પષ્ટતા પણ લેખક ના મતે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં કોઈ ભારતનો વિરોધ ના કરી શકે તે માટે કરવામાં આવેલ હશે.

### ચાઈનાની એપ્સ ડિલિટ કરવાં શું યુવા વર્ગ સહમત થશે??

શું ચાઈનીઝ એપ્સ ડિલિટ કરવાં શું યુવા વર્ગ સહમત થશે? આ પ્રશ્ન પણ ઓછા મહત્વનો નથી. 'ટીકટોક' 'વિવા વિડીયો' જેવી એપ્સ પાછળ યુવા વર્ગ પાગલ છે. તેવીજ રીતે 'પબજી' પાછળ પણ યુવા વર્ગ ખૂબ આકર્ષિત છે. આ એપ્સ ડિલીટ કરવાં યુવા વર્ગ ને સહમત કરવાં મુશ્કેલ છે તે બાબત ચોક્કસ છે.

### ચાઈના એપ કેવી રીતે ગોતી શકાય??? ચાઈનાની એપ ડિલીટ કરીએ તો તેની સામે તેના વિકલ્પો ક્યાં છે??

આ બાબતે 'ધ ડિજિટલ ન્યૂઝ'ના ટેકનિકલ એક્સપર્ટ રોનક પલાણ જણાવે છે કે નીચે ચાઈનાની કંપનીઓ દ્વારા બનાવેલી એપ્સ તથા તેની ચીજ વસ્તુ જેનો ભારતમાં બહોળા પ્રમાણમા ઉપયોગ થાય છે તેની માહિતી આપેલ છે.

Top 5 Chinese Application used in India:-

- Tiktok
- UC Browser
- Xender
- Camscanner
- PUBG Mobile

Top 5 Chinese product import in India:-

- Electronic Equipments
- Plastic Articles (Toys)
- Iron & Steel
- Fertilizer
- Commercial Machines

તેઓ ઉમેરે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ભાષણમાં વિદેશી કંપનીઓ દ્વારા બનાવેલા માલનો




બહિષ્કાર કરવાના વિચારને આક્રમક રીતે પ્રોત્સાહન આપ્યું હતું અને ભારતને 'આત્મનિર્ભર' બનાવવા અને અર્થવ્યવસ્થાને પુનજીવિત કરવાના તેમના વિચારના ભાગ રૂપે સ્થાનિક વિકલ્પોની શોધ કરવાની રાષ્ટ્રને સલાહ આપી હતી. આનો લાભ લઈને જયપુર સ્થિત એક કંપની વનટચએપલેબ્સ દ્વારા "Remove China Apps" નામક એક એપ્લીકેશન વિકસાવી હતી.

### Remove China Apps Details:-

ભારતીય કંપની દ્વારા વિકસિત, Remove China Apps ૧૭ મે ૨૦૨૦ના રોજ ગુગલ પ્લે સ્ટોર પર પ્રકાશિત કરવામાં આવ્યું હતુ અને આ એપ્લિકેશનને ઘણી લોકપ્રિયતા મળી હતી કારણ કે હાલ દેશ-વિદેશ માં ચીનનો ખુબ વિરોધ થઇ રહ્યો છે. આ એપ્લીકેશનને પ્લે સ્ટોર પરથી દૂર કરતા પહેલા ૫ મીલીયન (૫૦ લાખ)થી વધુ લોકો દ્વારા ડાઉનલોડ કરવામાં આવી હતી. જો કે, તે ફક્ત એન્ડ્રોઇડ વપરાશકર્તાઓ માટે જ ઉપલબ્ધ હતી. જે પ્રમાણે નામ સૂચવે છે તેમ આ એપ્લિકેશન વપરાશકર્તાઓને તેમના સ્માર્ટફોનમાંથી ચાઇનીઝ મૂળની એપ્લિકેશન જેવી કે ટીકટોક, કેમસ્કેનર વગેરે ઓળખવા અને દૂર કરવા મદદ કરતુ હતું. આ એપ્લીકેશન પ્લે સ્ટોર પર પ્રકાશિત થયાને થોડા જ દિવસોમાં ગુગલ પ્લે સ્ટોર દ્વારા આ એપ્લીકેશનમાં પ્લે સ્ટોરની Deceptive Behavior Policyના ઉલંઘનો ટાંકીને Remove China Apps નામની એપ્લીકેશનને પ્લે સ્ટોર પરથી દુર કરી દેવામાં આવી છે. Deceptive Behavior Policy મુજબ ગુગલ એવી એપ્લિકેશનને મંજૂરી આપતી જ નથી કે જે તૃતીય-પક્ષ એપ્લિકેશનોને દૂર કરવામાં અથવા અક્ષમ કરવા અથવા ઉપકરણ સેટિંગ્સ અથવા સુવિધાઓને સંશોધિત કરવા અથવા વપરાશકર્તાઓને આવું કરવા પ્રોત્સાહિત કરે છે સિવાય કે તે કોઈ ચકાસણી યોગ્ય સુરક્ષા સેવાનો ભાગ ન હોય.

વધુમાં તેઓ જણાવે છે કે ચાઇનીઝ એપ જેનો ઉપયોગ મોટા પ્રમાણમા ભારતીય નાગરિકો કરે છે તેની યાદી નીચે આપેલ છે. સાથો સાથ આ એપ ની આવેજીમાં ચાઈના સિવાય ની કઈ એપ વાપરી શકાય તેની યાદી પણ સાથે જોડેલ છે. આ યાદીમાં લાલ કલરથી (અંડરલાઇન કરેલ) ભારતીય એપ્સ દર્શાવવામાં આવેલ છે. આ યાદી વાંચકો ને ઉપયોગી બનશે.

### Alternative of Chinese Applications

| Chinese Apps | Alternatives | | |
|---|---|---|---|
| Tiktok | Roposo | Mitron | Youtube/Instagram |
| Camscanner | Adobe Scan | | Microsoft Lens |
| UC Browser | Jio Browser | Firefox | Chrome |
| Xender | Jio Switch | | Files By Google |
| Clubfactory | Amazon | Tata Cliq | Flipkart |
| Viva Video | Powerdirector | | Magisto |
| Zoom | Google Meet | Say Namaste | Microsoft Team |

### શું કહે છે વેપારીઓ/તજજ્ઞો??

આ અંગે ધ ડિજિટલ ન્યૂઝ સાથે વાત કરતાં ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા વ્યાપાર મહામંડળ પ્રમુખ જયેન્દ્ર તન્ના જણાવે છે કે, ભારતીય બજારોમાં વેપારીઓ પાસે ચાઈનાનો માલ ખૂબ મોટા પ્રમાણમા હોય છે. આમ, 'બોયકોટ ચાઈના' મુહિમથી શરૂઆતમાં તો અમારા વેપારી ભાઈઓનેજ વધુ નુકસાન થશે. 'આત્મનિર્ભર ભારત'ને હું આવકરું છું પણ જેટલા ઉદાર પ્રયાસો સરકાર દ્વારા નીતિગત્ત રીતે જાહેર કરવામાં આવે છે તેટલા પ્રયાસો જમીની સ્તરે સરકાર તથા પ્રશશન દ્વારા કરવામાં આવતા નથી. આ કારણે સારી નીતિઓ હોવા છતાં ભારતમાં વેપાર-ધંધા ની સ્થિતિ એટલી સારી નથી.

ચાઈના સાથે અંદાજે ૧૯૯૯ થી ઇમ્પોર્ટ સાથે જોડાયેલા મુંબઈ સ્થિત ધંધાર્થી, પોતાનું નામ ના આપવાની શરતે જણાવે છે કે ચાઈના ના માલ નું બોયકોટ શક્યજ નથી. નાનામાં નાના શર્ટના બટનથી માંડીને મોટામાં મોટા મશીન માટે ભારતના ધંધા ચાઈના ઉપર આધારિત છે. ધંધાના કારણે ચાઈનામાં અનેકવાર રહેવાનુ થયું છે. આ દરમ્યાન મે નોંધ કરી છે કે સરકાર તથા તંત્ર ચાઇનમાં ધંધાર્થીને ખૂબ મદદરૂપ થાય છે. ટેક્સ સિસ્ટમ સરળ છે. લાઇસન્સ પ્રથા ખૂબ ઓછી છે. લેબર ની ઉત્પાદન ક્ષમતા ભારત કરતાં ખૂબ વધુ છે. ધંધા પ્રગતિ કરે તેવું સરકાર ઈચ્છે છે અને તેવું વાતાવરણ ઊભું કરે છે. પ્રશાશન તેમાં મદદ કરે છે. જ્યારે ભારતમાં નીતિઓ સારી બનાવવામાં આવે છે પરંતુ તેનો અમલ કરાવતો અધિકારી વર્ગ ખૂબ નકારાત્મક રીતે કામ કરે છે. આજે પણ ધંધાર્થીઓનું-ઉદ્યોગપતિઓનું જે માન સમાજમાં હોવું જોઈએ તે નથી.

આ બાબતે વાત કરતાં 'ધ ડિજિટલ ન્યૂઝ'ના વિશેષ સંવાદદાતા લલિત ગણાત્રા આ અંગે જણાવે છે કે બોયકોટ ચાઈના નો વિચાર સારો છે પણ મારા થી ચાયના ને કોઈ નુકશાન નથી થવાનું. આપણને-આપણાં દેશને વધારે નુકશાન થશે. ખરેખર જો સરકાર આ બાબતે પગલા લે તો ૧૦૦ ટકા ફેર પડે. જેવી રીતે પાકીસ્તાન થી ઈમ્પોર્ટ પર અમુક ટકા એડીશનલ ડ્યુટી નાખી છે તે જ રીતે ખરેખર સરકાર તરફથી એકશન લેવવા જોઈએ. આપણા પ્રયત્ન કરી શકીએ પણ સફળતા મળે તેની શક્યતા મને ઓછી લાગે છે. એક ઉદાહરણ જોઈએ તો અત્યારે કોમ્પ્યુટર ના લગભગ બધા પાર્ટસ ના ભાવ અને મોબાઈલમાં ઓન ચાલે છે અમારે ડીજીટલ સાઈન ના ટોકન ફકત ચાઈના થી જ આવતા તેના ઓન ચાલે છે હવે જો આવી બેઝીક વસ્તુ ઉપર જ આપણે ચાયના પર ડીપેન્ડ છીએ તો બાયકોટ ક્યાંથી કરી શકીએ???

પોરબંદરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ CA દિવ્યેશ સોઢા આ બાબતે સૂર પુરવતા અગ્રેજીમાં જણાવે છે કે:

Complete boycott of Chinese products in immediate course is not practically and economically possible and not feasible also as we have export to china also so such trade war will result loss of business to such exporters.

So whats the way out: In my view "The biggest issue is we are over dependent on Chinese products. This over dependency needs to be reduced. Switch over from Chinese to local: There is a concept that if you want to change a system then you have two options... complete switch over and parallel switch over. We should adopt policy of parallel switch over. Those businesses with present stock of Chinese products should not suffer loss but they should take care to find out alternate of Chinese products used by them. As already discussed in the article software can be switched over completely in a week and hardware parallel switch over. The other thing is not only stop buying Chinese products but one should also see western products with Chinese components. As china's share from India is about 3 to 4% but if we curtail use of western products with Chinese components it will give set back indirectly to china.

### "ફાઇટ ચાઈના વિથ વોલેટ ધેન બુલેટ"

એ બાબતે કોઈ બે મત નથી કે ચાઈના સાથે બુલેટ ની ફાઇટ (પરંપરાગત લડાઈ) કરવી શક્ય નથી. ભારતીય સૈન્ય તથા ટેકનૉલોજિ બંને ચાઈના સામે ટૂંકા પડે તે બાબત જગ જાહેર છે. હા એ બાબત પણ અત્યારે નોંધવી જરૂરી છે કે ૧૯૬૨ ના યુદ્ધ વખતે ભારત ની આર્થિક, સૈન્ય તથા વિશ્વ રાજકારણમાં જે સ્થિતિ હતી તેના કરતાં અત્યારે આપણો દેશ ભારત ખૂબ સારી સ્થિતિમાં છે. ભારતીય સૈન્ય ઈંટ નો જવાબ પત્થર થી આપે તે બાબત ચોક્કસ છે. પણ છતાં ચાઈના ને હરાવવા માટે જો કોઈ શ્રેષ્ઠ ઉપાય હોય તો તે વોલેટ યુદ્ધ નો છે.

### Will you be A Wallet Fighter???

જમીની સ્તરે બોયકોટ ચાઈના મુશ્કેલ ચોક્કસ છે. મોટાભાગ ના જાણકાર લોકોનું માનવું છે કે ચાઈના ના માલ વગર જમીની સ્તરે ચાલે તેમ નથી. હું એક એડવોકેટ-પત્રકાર તરીકે પણ આ વાત સાથે સહમત છું. તો શું કરી શકાઈ આ અંગે???? આ પ્રશ્ન ઉપર વિચાર કરતાં હું એક નિર્ણય પર આવ્યો છું. આ નિર્ણય ને હું વ્યાવહારિક ગણું છું.

- હું ચાઈનાની તમામ એપ્લિકેશન જે મારા મોબાઈલમાં છે તેને ડિલીટ કરી નાંખીશ.
- હું ચાઈના ની માત્ર ફરજિયાત જરૂરી હોય તેવી ચીજ વસ્તુજ ખરીદીશ. જ્યાં ભારતીય વિકલ્પ હશે અને તે વ્યાવહારિક રીતે ખરીદી શકાય તેમ હશે તો હું તે વિકલ્પ પસંદ કરીશ.
- મેઈડ ઇન ચાઈના માલ ખરીદવાથી દેશ ને નુકસાન છે તે બાબતે સજાગ બની હું શક્ય હશે ત્યાં સુધી મારા 'વોલેટ'થી ચાઈનાને ફાયદો નાં થાય તેનું ધ્યાન રાખીશ.

મે જેમ ઉપર મુજબ નિર્ણય કર્યો છે તેમાં શું તમે મને સાથ આપી શકો છે??? આપના આ અંગે ના વિચારો કોમેન્ટ બોક્સમાં લખો તેવી વિનંતી.

મિત્રો, ૧૭ જૂન ના રોજ ચાઈના સાથે સીમા વિવાદમાં ભારતે પોતાના ૨૦ જેટલા સૈનિકો ગુમાવ્યા છે. આ સૈનિકો પણ કોઈના પુત્ર, પિતા, પતિ, ભાઈ હતા. ભારતીય સંપ્રભુતા જળવાય તેના માટે તેઓએ પોતાના જીવન નું બલિદાન આપી દીધું છે. શું તમે તમારા દેશ માટે, તમારા પુત્ર-પિતા-પતિ-ભાઈ માટે એપ્લિકેશન પણ ડિલીટ નાં કરી શકો??? હવે સમય આવી ગયો છે કે આપણે પણ વોલેટ યોદ્ધા બનવું જ પડશે. આપણે સૌએ એક બાબતે સજાગ બનવુંજ પડશે. ચાઈનાની જે એપ આપણાં મોબાઇલ્સ માં છે તેને સ્થાને ભારતીય એપ અથવા તો ચાઈના સિવાયની એપ ઇન્સ્ટોલ કરી લેવી જરૂરી છે. તેવી રીતે જ્યારે કોઈ વસ્તુ નવી ખરીદતા હોઈએ ત્યારે આપણે માત્ર થોડા રૂપિયા બચાવવા ચાઈના ના માલ ખરીદી ના કરવો જોઈએ. સામે પક્ષે ભારતીય ઉત્પાદકોએ પણ 'આત્મનિર્ભર ભારત'ના આ પગલાં ને સાકાર કરવ્યા વ્યાજબી નફાની થીયરી સમજી 'બોયકોટ ચાઈના' મુહિમને દેશ હિત માટે રાખી પોતાના અંગત હિત માટે ઉપયોગ ના કરવામાં આવે તેનું ધ્યાન રાખવું જોઈશે.

મિત્રો, ઘણીવાર આપને પ્રશ્ન થશે કે હું ચાઈનાની એપ અનઈસ્ટોલ કરું એમાં ચાઈનાને શું ફેર પડે??? ચોક્કસ ફેર પડે, આ એક માનસિક અસર છે. માનસિક રીતે ચાઈનાને આ એક મેસેજ છે કે જો તમે બુલેટ યુદ્ધ કરશો તો અમે વોલેટ યુદ્ધ કરી તમારો સામનો કરીશું. ચાઈના માટે આર્થિક લપડાક કોઈ પણ યુદ્ધની લપડાક કરતાં વધુ મુશ્કેલ રહેશે.

મારી નાની દીકરી 'દિયા પોપટ' જે માત્ર ૧૦ વર્ષની છે, 'સોનમ વાંગચૂક'ની અપીલને માન આપી પોતાની સૌથી ફેવરિટ એપ 'ટીકટોક' અનઇન્સ્ટોલ કરી આપી છે. મિત્રો, આપ સૌ તો પીઢ છો, સમજું છો, તો ક્યાં સુધી આપણાં વોલેટની કમાણી ઉપરથી આપણાં ભાઈઓની સામે વપરાતી બુલેટ માટે નિમિત બનશો????

(લેખક વ્યવસાયે ટેક્સ એડવોકેટ છે.)

(આ લેખ thedigitalnews.co.in પોર્ટલ ઉપર લેવામાં આવ્યો છે. અમારા ટેક્સ સિવાયના ન્યૂઝ અને લેખ વાંચવા લૉગ ઇન કરો www.thedigitalnews.co.in)

# હવે નવું PAN કાર્ડ મેળવો ૧૦ મિનિટમાં!!!

તા. ૨૯.૦૫.૨૦૨૦: PAN એટ્લે Permanent Account Number. ગુજરાતીમાં આને સ્થાયી ખાતા આંક કહી શકાય. ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ આપવામાં આવતું PAN એ ખૂબ મહત્વ ધરાવે છે. ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં, બેન્ક ખાતું ખોલાવવામાં, બેન્ક લોન મેળવવામાં, મિલ્કત ખરીદીની નોંધણી કરવવામાં, વિદેશી યાત્રા કરવા સમયે આ PAN અનિવાર્ય રીતે માંગવામાં આવે છે અથવા તો તેનો આગ્રહ રાખવામા આવે છે. આ PAN કાર્ડની મેળવવામાં માં હાલ ૧૫ દિવસ થી માંડી ૧ મહિના જેટલો સમય લાગતો હોય છે. આ ઉપરાંત તે કઢાવવા જે-તે એજન્સીની ૧૧૦ રૂ જેવી ફી પણ ચૂકવવી પડતી હોય છે.




નાણાંમંત્રી નિર્મલા સિથારમણ દ્વારા ૨૮ મે ૨૦૨૦ ના રોજ આધાર ઉપરથી PAN તુરંતજ (અંદાજે ૧૦ મિનિટમાં) મેળવી શકાય તેવી સગવડ શરૂ કરવામાં આવેલ છે. આ સગવડને "E PAN" : ઇન્સ્ટન્ટ PAN સગવડ તરીકે ઓળખાઈ રહી છે. દરેક વ્યક્તિકે જેમની પાસે આધાર કાર્ડ છે અને તે આધાર કાર્ડમાં તેમનો મોબાઈલ લિન્ક છે તે તમામ ને આ સગવડ મળી શકશે. આવો જાણીએ શું છે આ નવી શરૂ કરવામાં આવેલ સગવડ...

**E PAN વિષે મહત્વની વિગતો:**

- E PAN માટે અરજી કરતાં અરજદાર પાસે આધાર કાર્ડ હોવું ફરજિયાત છે. આ આધાર કાર્ડ અન્ય કોઈ PAN સાથે લિન્ક ના થયેલ હોવું જોઈએ.
- આ આધાર કાર્ડમાં તેમનો મોબાઈલ ફોન લિન્ક થયેલ હોવો જોઈએ.
- આ E PAN માટે કોઈ પણ પ્રકારની ફી સરકાર કે તેમની એજન્સીઓ ને ચૂકવવાની રહેતી નથી. હા એ જાણવું જરૂરી છે કે સામાન્ય રીતે આ PAN કાર્ડની અરજીની વિધિ કરનાર/સેવા આપનાર વ્યક્તિ આ અંગે પોતાની ફી લેતા હોય છે.
- https://www.incometaxindiaefiling.gov.in/e-PAN/index.html?lang=eng આ લિન્ક ઉપર આધાર કાર્ડ નંબર નાંખવાથી આધાર કાર્ડમાં રજિસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર એક OTP (વન ટાઈમ પાસવર્ડ) આવશે. આ OTP નાંખવા બાદ એક સરળ વિધિ પૂર્ણ કરવાથી ૧૫ આંકની એક "એકનોલેજમેંટ" (પહોંચ) જનરેટ થશે.
- આ એકનોલેજમેંટ નંબર ઉપરથી અરજકર્તા ગમે ત્યારે પોતાની અરજી સ્થિતિ જોઈ શકશે. અંદાજે ૧૦ મિનિટ જેવા સમય બાદ અરજકર્તાને PAN આપી દેવા પ્રયાસ કરવામાં આવશે.
- આ PAN PDF સ્વરૂપે રહેશે. આ PAN પ્રિન્ટ PAN કાર્ડની જેમ માન્ય ગણાશે.
- જે અરજકર્તાના આધાર કાર્ડ માં ઇ મેઈલ રજિસ્ટર્ડ હોય તેમના ઇ મેઈલમાં પણ આ PAN મોકલવામાં આવશે.
- આ અરજીમાં કોઈ પણ અન્ય પુરાવાઓ આપવાના રહેશે નહી. ફોટો પણ આપવાનો રહેશે નહીં.
- આ પદ્ધતિ માત્ર નવા PAN મેળવવા માટે રહેશે. જેમની પાસે PAN હોય અને તેમાં સુધારા વધારા કે ફરી પ્રિન્ટ કરાવવા આ પદ્ધતિ ઉપયોગી બનશે નહીં.

આ સગવડના કારણે હવે PAN મેળવવું ખૂબ સરળ બનશે. આ E PAN યોજનાની જાહેરાત નાણાંમંત્રીએ આ બજેટમાં કરેલ હતી. આ ઉપરાંત આ બજેટમાં એવી જાહેરાત પણ કરવામાં આવી હતી કે જે વ્યક્તિ પાસે PAN નહીં હોય તેઓ PANની જગ્યાએ પોતાના આધાર કાર્ડ આપી શકશે. આ PANની જગ્યાએ આધાર ઉપયોગ કરી શકવાની યોજના કેટલી સફળ થાય છે એ તો આવનાર સમયમાંજ જાણવા મળશે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# જી.એસ.ટી. કાઉન્સીલની ૪૦મી મિટિંગના મહત્વના નિર્ણયો


By Bhavya Popat, Editor Tax Today

તા. ૧૨.૦૬.૨૦૨૦: જી.એસ.ટી. કાઉન્સીલની ૪૦મી મિટિંગ આજરોજ વિડીયો કોન્ફરન્સ દ્વારા મળી હતી. લોકડાઉન બાદ આ પ્રથમ મિટિંગ હોય કરદાતાઓ કાઉન્સીલ પાસેથી રાહતો ની અપેક્ષાઓં રાખી રહ્યા છે. આ મિટિંગમાં નીચેના મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.



**મહત્વના નિર્ણયોની રૂપરેખા**

૧. જી.એસ.ટી. કાયદા હેઠળ મોડા રિટર્ન ભરવા ઉપર લાગતી લેઇટ ફી માં આપવામાં આવશે રાહત. જુલાઇ ૨૦૧૭ થી જાન્યુઆરી ૨૦૨૦ના રિટર્ન ભરી શકશે રિટર્ન દીઠ રૂ. ૫૦૦/- ની લેઇટ ફી સાથે. આ રિટર્ન રહેશે ૦૧ જુલાઇ ૨૦૨૦થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં ભરવાના રહેશે.

૨. NIL રિટર્ન માટે નહીં લગાડવામાં આવે કોઈ લેઇટ ફી.

૩. પાંચ કરોડ (૫ કરોડ)થી ઓછા ટર્નઓવર વાળા કરદાતાઓ મે-જૂન-જુલાઈના 3B રિટર્ન ભરવાં માટે ૩૦ સપ્ટેમ્બર સુધીની મુદ્દત આપવામાં આવશે. (જો કે રાજ્યોના અલગ અલગ ભાગ મુજબ આ અંગે અલગ અલગ તારીખો જાહેર કરવામાં આવશે.)

૪. ૫ કરોડથી ઓછા ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલના ટેક્સ ભરવાં બાબતે ૩૦.૦૯.૨૦૨૦ સુધી ૧૮% ની જગ્યાએ ૯% વ્યાજ લગાડવામાં આવશે.

૫. ૧૨.૦૬.૨૦૨૦ સુધી જે કરદાતાઓ ના જી.એસ.ટી. નંબર ડિપાર્ટમેંટ દ્વારા રદ્દ કરવામાં આવેલ હોય તેઓ ૩૦.૦૯.૨૦૨૦ સુધી આ નંબર માટે રિવોકેશન અરજી કરી શકશે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

વાંચક મિત્રો, આ તકે એક બાબત નોંધવી ખૂબ જરૂરી છે કે જી.એસ.ટી. કાઉન્સીલ ની મિટિંગ માં જે જાહેરાતો થાય તે અંગે નોટિફિકેશન આવવા ખૂબ જરૂરી છે. આ નોટિફિકેશન આવે ત્યારબાદ તેનો અમલ કરવામાં આવે છે. (ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે.)

**વાંચકોની સરળતા માટે આ લેખ શક્ય એટલી સરળ ભાષામાં લખવામાં આવ્યો છે.**

# ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્યારે મળે?? ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા માટે શું છે શરતો?

## આવો બનાવીએ 'ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ'ને 'ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ'...



By Bhavya Popat,
Advocate, Editor-Tax Today

"Every person is presumed to know laws of the land". આનો અર્થ એ છે કે દરેક વ્યક્તિને જે દેશમાં પોતે છે તે દેશ ના કાયદા વિષે જ્ઞાન છે તેવું માની લેવામાં આવે છે. મિત્રો, ૧ જુલાઇ ૨૦૧૭ થી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાયદો અમલી બન્યો. ત્યારથી લઈ ને આજ સુધી આ કાયદા હેઠળ વિપુલ પ્રમાણમા જાહેરનામાઓ આવ્યા. ઘણા સર્ક્યુલર આવ્યા. કાયદા તથા નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા. અવાર નવાર વાચકોના પ્રશ્ન હતા કે આ કાયદામાં જે કોઈ ફેરફાર આવે છે તે અંગ્રેજીમાંજ આવે છે. અંગ્રેજી ના જાણતા વ્યક્તિ માટે આ કાયદો જાણવો તેનું અર્થઘટન કરવું ખૂબ મુશ્કેલ છે. સરકારે જ્યારે આ કાયદો લાગુ કર્યો ત્યારે જાહેરાત કરેલી કે આ કાયદો તથા તેના નિયમો જે તે રાજ્યો ની માતૃભાષામાં પણ બહાર પાડશે. પણ કોઈક કારણોસર આ કામ હજુ થઈ શક્યું નથી.

ટેક્સ ટુડે આ કૉલમ દ્વારા પ્રયાસ કરી રહ્યું છે કે જી.એસ.ટી. કાયદા ની મહત્વ ની જોગવાઈઓ ને વાંચકો સુધી ગુજરાતીમાં સરળ ભાષામાં પહોચડવામાં આવે. આ કાયદા ની વિવિધ નિયમોની જાણકારી સરળ ભાષામાં નિરંતર આપવા પ્રયાસ કરવામાં આવશે. આજે આ શ્રુંખલા નો પ્રથમ લેખ આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

**ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્યારે મળે?? ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા માટે શું છે શરતો?**

**(જી.એસ.ટી. કલમ ૧૬ અને નિયમ ૩૬ તથા ૩૭)**

જી.એસ.ટી. કાયદા હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા કલમ ૧૬ તથા નિયમ ૩૬ અને ૩૭ના નિયમો જાણવા ખૂબ જરૂરી છે.

**કોઈ પણ કરદાતાને ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા નીચેના નિયમો નું પાલન કરવાનું રહે છે.**


- કરદાતાએ પોતાના ધંધા માટે ઉપયોગ કરવામાં આવતા માલ તેમજ સેવા ના ઇનવર્ડ સપ્લાય (ખરીદી) ની ક્રેડિટ લઈ શકે છે. આમ, ધંધામાં ઉપયોગ કરવામાં ના આવે તેવા માલ કે સેવાની ક્રેડિટ તેઓ લઈ શકતા નથી.
- આ ખરીદીની ક્રેડિટ લેવા નીચેની તમામ શરતો કરદાતાએ પુર્ણ કરવાની રહેશે.
- કરદાતા પાસે જે તે ખરીદીનું બિલ હોવું જોઈએ,
- કરદાતાએ એ માલ કે સેવા ખરેખર મેળવી હોવી જોઈએ.
- માત્ર બિલિંગ દ્વારા ખરીદી દર્શાવેલ હોય તેવું સાબિત થાય તો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળવા પાત્ર રહે નહીં.
- ખરીદનાર માલ ના કિસ્સામાં માલની હેરફેર ના પુરાવા (ટ્રાન્સપોર્ટ બિલ્ટ્રી, ઇ વે બિલ વી.) બિલ સાથે જાળવે તે જરૂરી છે.
- ઉદાહરણ તરીકે, કોઈ વેપારી બોગસ બિલિંગ કૌભાંડ માં પકડાય છે. આ સમયે તેની પાસેથી તમામ ખરીદનાર દ્વારા કરવામાં આવેલ ખરીદી ઉપર પ્રશ્નાર્થ ઊભો થતો હોય છે. આ સમયે જો ખરીદનાર પાસે માલ હેરફેર ના પુરાવા હોય તો તે આ ખરીદી ની ક્રેડિટ લેવા ખૂબ ઉપયોગી થતાં હોય છે. આ કિસ્સામાં જો માલ હેરફેરના પુરાવા ના હોય તો આ ક્રેડિટ અધિકારી દ્વારા માન્ય રાખવામા આવતી નથી હોતી અને ખરીદનારે આ અંગે મોટી કાયદાકિયા લડત માટે તૈયાર રહેવું પડતું હોય છે.
- કરદાતા એ જે માલ કે સેવા ખરીદી કરેલ છે તેનો ટેક્સ વેચનાર દ્વારા સરકારમાં ભરવાં માં આવ્યો હોવો જોઈએ.
- આ જોગવાઈ અંગે ઘણા વેપારીઓ જાણકારી ધરાવતા હોતા નથી. કોઈ પણ વેપારીએ વેચનાર પાસેથી તેને ટેક્સ આપી ખરીદી કરેલ હોય, પણ જો વેચનાર આ ટેક્સ સરકાર ને જમા ના કરાવે તો ખરીદનાર વેપારીને પોતાની ખરીદી ની ક્રેડિટ મળી શકે નહીં.
- આ નિયમ ના કારણે ઘણી મુશ્કેલી પડી શકે તેમ હોય. માટે, ઘણીવાર ખરીદનાર વેપારી, જ્યારે વેચનાર વેપારીથી પરિચિત ના હોય ત્યારે, ટેક્સ ની રકમ તેને ચૂકવતા પહેલા આ ટેક્સ તેઓએ ભરેલ છે તેના પુરાવા લઈ તેને ચુકવણી કરતો હોય છે.
- વેચનાર વેપારી આ ટેક્સ ની રકમ રોકડ (રોકડ એટ્લે રોકડ અને બેંકિંગ પદ્ધતિ બેમાંથી કોઈ પણ રીતે) દ્વારા અથવા પોતાની ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ દ્વારા ભરી શકે છે.
- ઉદાહરણ તરીકે, ઉના ટ્રેડર્સ દ્વારા જુનાગઢ એન્ટરપ્રાઇઝ પાસેથી ૧૦૦૦૦૦ રૂ ના માલ ની ખરીદી કરેલ છે. આ રકમ ઉપર થતો જી.એસ.ટી. રૂ. ૫૦૦૦ ઉના ટ્રેડર્સ વેચનાર ને આપેલ છે. આર્થિક મંદીના કારણે વેચનાર આ ટેક્સ સરકારમાં જમા કરવી શકતા નથી. આવા કિસ્સામાં ઉના ટ્રેડર્સની ક્રેડિટ અમાન્ય થશે અને આ ટેક્સ ની રકમ તેણે સરકાર ને વ્યાજ સાથે ભરવી પડશે.
- ક્રેડિટ લેનાર દ્વારા રિટર્ન ભરેલ હોવું જોઈએ.
- ખરીદનારે બિલ બન્યા ના ૧૮૦ દિવસમાં વેચનાર ને માલ તથા સેવા અંગે ની ટેક્સ ની રકમ સાથેની ચુકવણી કરી આપવી જરૂરી છે. જો આ ચુકવણી ૧૮૦ દિવસ માં ના કરવામાં આવે તો જી.એસ.ટી.ની ક્રેડિટ તેને મળી શકે નહીં.
- આ જોગવાઈ જી.એસ.ટી. કાયદા માં લાવવામાં નો હેતુ બોગસ બિલિંગ ની પ્રવૃતિઓ નાથવાનો છે.
- ઉદાહરણ તરીકે 'ઉના ટ્રેડર્સ' દ્વારા 'જુનાગઢ એન્ટરપ્રાઇઝ' પાસેથી ખરીદી કરવામાં આવેલ હોય અને બિલ ૦૧-૦૪-૨૦૧૯ના રોજ બનાવવામાં આવ્યું હોય, પરંતુ આ બિલની ચુકવણી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધીમાં ઉના ટ્રેડર્સ દ્વારા કરવામાં આવેલ ના હોય તો આવી ખરીદીની ક્રેડિટ 'ઉના ટ્રેડર્સ'ને મળે નહીં.
- જ્યારે 'ઉના ટ્રેડર્સ' આ અંગે ચુકવણી કરશે ત્યારે ફરી તેમણે આ ક્રેડિટ ક્લેમ કરવાની રહેશે.
- પણ ખરીદી સમયે જે ક્રેડિટ તેમણે લઈ લીધી છે તે ક્રેડિટ તેણે અમાન્ય કરી વ્યાજ સાથે આ રકમ ભરી દેવાની રહેશે.
- આમ, દરેક વેપારી આ ચુકવણી બાબતે ખાસ ધ્યાન આપે તે ખૂબ જરૂરી છે. ઘણા એવા ધંધા હોય છે તેમાં ચુકવણી ખૂબ મોડી કરવામાં આવતી હોય છે. તેવા કિસ્સાઓમાં આ ક્રેડિટ અમાન્ય થવાની સંભાવનાઓ રહેલી હોય છે.
- મૂડી મિલ્કત (મશીનરી જેવી)ની ખરીદી કરવામાં આવે અને તેના ઉપર ચૂકવેલ ટેક્સ ની રકમ ઉપર પણ જો ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ ઘસારો માંગવામાં આવ્યો હોય તો આ ટેક્સ ની ક્રેડિટ કરદાતા લઈ શકશે નહીં.
- કોઈ પણ કરદાતાએ જે તે વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મોડામાં મોડી જે તે વર્ષ પછીના વર્ષના સપ્ટેમ્બર મહિનાના રિટર્નની નિયત તારીખ સુધી લઈ લેવાની રહેશે.
- ઉદાહરણ તરીકે, ૨૦૧૯-૨૦ ની ક્રેડિટ ખરીદનાર વેપારી દ્વારા મોડમાં મોડી પોતાના સપ્ટેમ્બર-૨૦ મહિનાના રિટર્ન ની નિયત તારીખ (૨૨ ઓક્ટોબર) સુધીમાં લઈ લેવાની રહે છે.
- જો ખરીદનાર આ સમય સુધીમાં પોતાની ખરીદીની ક્રેડિટ ક્લેમ ના કરે તો તેની ક્રેડિટ જતી રહે છે તે બાબત ખાસ દરેક વેપારીઓ એ નોંધવી જરૂરી છે.
- જો આ સપ્ટેમ્બર મહિનાના રિટર્ન પહેલા તેમણે પોતાનું વાર્ષિક રિટર્ન ભરી આપ્યું હોય તો આ ક્રેડિટ વાર્ષિક રિટર્ન ભરતા પહેલા માંગી લેવી ફરજિયાત છે. જો કોઈ વર્ષનું વાર્ષિક રિટર્ન ભરી આપવામાં આવે તો ત્યારબાદ તે વર્ષની કોઈ વધારાની ક્રેડિટ માંગી શકાય નહીં.

**ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા માટે કરદાતાઓ એ નીચેના દસ્તાવેજી પુરાવાઓ હોવા જોઈએઃ**

- ટેક્સ ઇન્વોઇસ
- રિવર્સ ચાર્જ ભર્યાના કિસ્સામાં 'સેલ્ફ ઇનવોઇસ' તથા/અથવા 'પેમેન્ટ વાઉચર' તથા ટેક્સ ચુકવણી નો પુરાવો
- ડેબિટ નોટના કિસ્સામાં ડેબિટ નોટ
- ઇમ્પોર્ટના કિસ્સામાં બિલ ઓફ એન્ટ્રી

**વેચનારે પોતાના વેચાણમાં દર્શાવેલ તથા GSTR-2માં દર્શાવતી હોય તેવી ક્રેડિટ જ થશે મળવા પાત્ર??**

આ બાબતે જી.એસ.ટી. નિયમોમાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. વેચનાર વેપારીએ પોતાના GSTR-1માં જેટલું વેચાણ દર્શાવ્યું છે તેનાથી ૧૦% (૩૧-૧૨-૨૦૧૯ સુધી ૨૦%) વધુ ક્રેડિટ જ ખરીદનાર વેપારી માંગી શકશે.




# જી.એસ.ટી. AAR (ઓથોરીટી ઓફ એડવાન્સ રૂલિંગ) વિથ ટેકસ ટુડેઃ પ્યોરીફાઇડ વોટર

જી.એસ.ટી. કાયદાની કલમ ૯૭ હેઠળ કરદાતા એડવાન્સ રૂલિંગ માટે અરજી કરી શકે છે. જી.એસ.ટી. કાયદા હેઠળ નીચેની બાબતો માટે એડવાન્સ રૂલિંગ કરી શકાય છે.

- માલ કે સેવાઓમા વર્ગીકરણ બાબતે,
- કોઈ નોટિફિકેશન કરદાતાને લાગુ પડે કે નહીં તે બાબતે
- કોઈ માલ કે સેવાની કરપાત્રતાનો સમય તથા કિમત નક્કી કરવા બાબતે
- કોઈ વ્યવહારમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે કે નહીં તે બાબતે
- કોઈ વ્યવહાર કરપાત્ર બને કે નહીં તે બાબતે
- કોઈ વ્યક્તિ નોંધણી માટે જવાબદાર બને કે ના બને તે બાબતે
- કોઈ વ્યવહાર સપ્લાય ગણાશે કે નહીં તે બાબતે.

આ કોલમમાં જી.એસ.ટી. કાયદા હેઠળ આપવામાં આવતા મહત્વના AAR તથા AAARના ચૂકદાઓ સરળ ભાષામાં વાંચકો સમક્ષ રજૂ કરવામાં આવશે. આ કૉલમ નિરંતર પ્રસિદ્ધ થયા કરશે.

**AAR 1: અટિકા ગોલ્ડ પ્રા. લી, ઓથોરીટી ફોર એડવાન્સ રૂલિંગ-કર્ણાટકા (KAR ADRG 15/2020 તા. 23.03.2020)**

- AAR અરજી કરનાર કરદાતા સોની હતા.
- તેઓ સોનાના વેપાર કરવા સાથે જૂના સોના ની ખરીદી પણ કરતાં હતા.
- તેઓ નો પ્રશ્ન હતો કે જૂના સોના ની ખરીદી બાબતે શું જી.એસ.ટી. નિયમોના નિયમ ૩૨(૫) નો લાભ તેમને મળે? ટૂંકમાં, તેઓને માર્જિન સ્કીમ નો લાભ મળે?
- તેઓ એ જણાવ્યુ હતું કે તેઓ જૂના સોના ની ખરીદી કરી તેમાં કોઈ પણ જાત નો ફેરફાર કર્યા વગર એ સોનાનું વેચાણ કરતાં હતા.
- તેઓએ એ પણ જણાવ્યુ હતું કે તેઓ ખરીદી બાબતે કોઈ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેતા નથી.
- કર્ણાટકા AAR દ્વારા આદેશ આપી જણાવાયું કે અરજકર્તા પોતે ખરીદેલ સોનામાં કોઈ ફેરફાર કરતા નથી. તેઓ કોઈ ક્રેડિટ પણ ક્લેમ કરતા નથી. ૩૨(૫) હેઠળ માર્જિન સ્કીમ અંગેના તમામ નિયમોનું પાલન થતું હોય આ નિયમ કરદાતાને લાગુ પડે.

**AAR 2: 'રેટ્રોફિટેડ વિહિકલ'- (મોડીફાય કરેલ વાહન)**

અરજકર્તાઃ સાઈ મોટર્સ, AAR No. KAR ADRG 32/2020

ઓર્ડર તારીખઃ ૨૦.૦૫.૨૦૨૦,

પ્રશ્નઃ

૧. અરજકર્તા દ્વારા વેચાણ કરવામાં આવતા એવા સ્કૂટર કે જેમાં 'રેટ્રોફીટીંગ' (મોડીફિકેશન) કરી 'ડિફરંટલી એબલ્ડ' (અપંગ) વપરાશકર્તા માટે HSN ૮૭૧૩ હેઠળ જી.એસ.ટી. નો દર શું ૫% ગણાય?

૨. આવા વેચાણ માટે તેમની ખરીદી ૨૮% ના જી.એસ.ટી. દર લેખે છે. તો શું આવી ખરીદી ની સપૂર્ણ ક્રેડિટ તેમણે મળે?

**અરજદારના વ્યવહારની વિગતોઃ**




- અરજદાર 'ટુ વિલર'ના વેચાણના ધંધામાં કાર્યરત છે.
- તેઓ હીરો મોટો કોર્પ પાસેથી 'ટુ વિલર'ની ખરીદી કરે છે.
- તેઓની ખરીદી HSN ૮૭૧૧ હેઠળ ૨૮% જી.એસ.ટી. લગાડી ને કરવામાં આવે છે.
- અરજદાર અમુક કિસ્સાઓમાં 'ડિફરંટલી એબલ્ડ' (અપંગ) લોકોને 'ટુ વિલર'માં 'રેટ્રોફીટીંગ' કરી આપે છે.
- અરજદારના જણાવ્યા પ્રમાણે અમુક વિક્રેતા આ સમગ્ર વ્યવહારને HSN ૮૭૧૧ ગણી તેના ઉપર ૫% લેખે જી.એસ.ટી. ભારે છે.
- આ કારણે 'ડિફરંટલી એબલ્ડ' (અપંગ) વ્યક્તિઓ ૫% જી.એસ.ટી. સાથેના બિલ નો આગ્રહ રાખે છે.

**AARનું તારણઃ**

- નોટિફિકેશન ૧/૨૦૧૭ તા. ૨૮.૦૬.૨૦૨૦ની એન્ટ્રી ૨૪૩ મુજબ, 'કેરેજ ફોર ડિસેબલ પર્સન, વેધર મોટોરાઈઝડ ઓર નોટ' HAS ૮૭૧૩માં પડે અને તેના ઉપર ૫% જી.એસ.ટી. લાગે.
- પરંતુ અરજદાર દ્વારા વેચવામાં આવતું 'રેટ્રોફિટેડ ટુ વિલર' એ સામાન્ય રીતે થોડી વધારાની એસેસરી ઉમેરી 'ડિફરંટલી એબલ્ડ' (અપંગ)
- ને વપરાશ ને યોગ્ય બનાવવામાં આવતું હોય છે.
- આ માલ ખાસ 'ડિફરંટલી એબલ્ડ' (અપંગ) માટે બનાવવામાં આવતો નથી.
- આમ આ વસ્તુનો મૂળભૂત ગુણધર્મ તો 'ટુ વિલર'નો જ રહે છે.
- ૮૭૧૩ અંગેની સમજૂતી નોંધ માં જણાવવા માં આવ્યું છે કે આ એન્ટ્રીમાં સામાન્ય રીતે બનાવવામાં આવેલ વાહનો જે રેટ્રોફીટીંગ વડે 'ડિફરંટલી એબલ્ડ' (અપંગ) લોકો ઉપયોગ કરી શકે તેવા બનાવવામાં આવેલ હોય તેનો સમાવેશ થતો નથી.
- આમ, આ વસ્તુ ૮૭૧૩ ના HSNમાંથી બાકાત થઈ જાય છે.
- આ 'રેટ્રોફિટેડ વિહિકલ' એ ટુ વિલર જ ગણાય અને તેનો સમાવેશ HSN ૮૭૧૧માં થાય અને તેના ઉપર ૨૮% લેખે જી.એસ.ટી. લાગે.
- આ 'રેટ્રોફિટેડ વિહીકલ' એ 'ફોર ફરધર સપ્લાય ઓફ વિહિકલ' (વિહિકલના ફરી વેચાણ) ગણાય અને માટે આ ઇનવર્ડ સપ્લાયની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે.

**AAR 3: પ્યોરિફાઇડ વોટર સપ્લાય (પાણી શુદ્ધ કરી સપ્લાયના વેરાના દર બાબતે)**

અરજકર્તાઃ વોટર હેલ્થ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, AAR No. KAR ADRG 12/2020

ઓર્ડર તારીખઃ ૧૮.૦૩.૨૦૨૦,

પ્રશ્નઃ શું અરજદાર દ્વારા સીલ વગરના કેનમાં સપ્લાય કરવામાં આવતું શુદ્ધ કરેલ પાણી જી.એસ.ટી. કાયદા હેઠળ કરમુક્ત બને?

**અરજદાર ના વ્યવહારની વિગતોઃ**

- અરજદાર કંપની કાયદા હેઠળ નોંધાયેલ કંપની છે.
- તેઓ USAની એક કંપની ની સબસિડીયરી કંપની છે.
- તેઓ દ્વારા સીલ વગર ના કેનમાં ગ્રાહકોને શુદ્ધ કરેલ પાણી પૂરું પાડવામાં આવે છે.
- ગ્રાહકો પોતાના કેન પણ આપી શકે છે અને અરજદાર એમાં પણ પાણી પહોચાડી આપે છે.
- અરજદાર ૨૦ લિટર ના કેન દ્વારા અને પાઇપલાઇન દ્વારા આ શુદ્ધ પાણી પૂરું પાડે છે.
- અરજદાર સ્થાનિક નગર પાલિકા સાથે કરાર કરી લોકો ને શુદ્ધ પાણી પૂરૂ પાડવાની સેવા પણ આપે છે. આ સેવા આર્થિક રીતે નબળા લોકો ને આપવામાં આવે છે.
- આ માટે અરજદાર સ્થાનીય તળાવ વગેરેમાં થી પાણી મેળવી તેને શુદ્ધ કરે છે.

**AARનું તારણઃ**

- અરજદાર દ્વારા પોતે જી.એસ.ટી. નોટિફિકેશન રેઇટ ૨/૨૦૧૭, તા. ૨૮ જૂન ૨૦૧૭ ની એન્ટ્રી ૯૯ માં પોતે પડે તેવી દલીલ કરે છે.
- આ એન્ટ્રી નીચે મુજબ છેઃ
  Water (Other than aerated, mineral, purified, distilled, medicinal, ionic, battery, de-mineralised and water served in sealed containers) is exempt from G.S.T.
- CBIC એ સર્ક્યુલર ૫૨/૨૬/૨૦૧૮ તા. ૦૮ ઓગસ્ટ ૨૦૧૮ થી ક્લેરિફિકેશન આપેલ છે કે પાણી કે જે ઉપરોક્ત એન્ટ્રીમાં જણાવેલ એરીટેડ, મિનરલ, પ્યોરીફાઇડ વગેરે નથી અને જો જાહેર હેતુઓ માટે સીલ કરેલ કન્ટેનર સિવાય પૂરું પાડવામાં આવતું હોય તે કરમુક્ત રહે.
- આ એન્ટ્રીમાં "and" એ વાક્યમાં સંયુક્ત રીતે વાંચવાનો રહે અને and water served in sealed containers એ મિનિરલ, પ્યોરીફાઇડ વગેરે ની જેમ એક અલગ શર્ત ગણવાની રહે.
- અરજદાર આ કિસ્સામાં ઉપર જણાવેલ અપવાદ માં પડતી 'પ્યોરીફીકેશન'ની પ્રવૃતિ કરતાં હોય, તેઓ દ્વારા સપ્લાય કરવામાં આવતું પાણી સદરહુ નોટિફિકેશન ની એન્ટ્રી ૯૯ માં પડે નહીં અને કરપાત્ર ઠરે.

**ખાસ નોંધઃ** તમામ વાંચકોએ એ બાબત જાણવી જરૂરી છે કે AARનો આદેશ જે તે અરજકર્તા તથા તેના પ્રોપર ઓફિસર ઉપરજ બાધ્ય ગણાય. તમામ કરદાતાઓ ને આનો સીધો લાભ મળે નહીં. પરંતુ ટેક્સ પ્લાનિંગ કરવાં માટે આ AARના ચૂકાદાઓ ખૂબ મહત્વના રહેતા હોય છે.

આ AAR તથા AAAR અંગેના લેખનું સંકલન CA મોનીષ શાહ, Adv. લલિત ગણાત્રા, CA દિવ્યેશ સોઢા તથા Adv. ભવ્ય પોપટ દ્વારા કરવામાં આવેલ છે. આ AAR અંગે આ અમારો અભિપ્રાય માત્ર છે.

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

## ----- જી.એસ.ટી. -----

**અમારા અસીલ રોડ રસ્તા બનાવવાના કોન્ટ્રાક્ટ ના કામ કરે છે. તેઓને ૨૦૧૯ ૨૦ માં ૨.૪૫ કરોડ ના રોડ બનાવવાના સરકારી કામો મળ્યા હતા. અમોએ આ સંપૂર્ણ કોન્ટ્રાક્ટ અન્ય જી.એસ.ટી. રજિસ્ટર્ડ વેપારીને સબ-લેટ કર્યો છે. આ કિસ્સામાં અમારા અસીલનું ટર્નઓવર ૨૦૧૯-૨૦ ના વર્ષમાં કેટલું ગણાય? – નીલમ પરમાર, અમદાવાદ**

જવાબઃ જી.એસ.ટી. કાયદા હેઠળ ટર્નઓવર નક્કી કરવા સેક્શન ૧૫ હેઠળ વેલ્યૂ ઓફ સપ્લાય જોવી જરૂરી છે. આ કાયદાની કલમ ૧૫(૧) હેઠળ તમારું ટર્નઓવર ૨.૪૫ કરોડનું જ ગણાય. તમે રજિસ્ટર્ડ વ્યક્તિને સબ કોન્ટ્રાક્ટ આપેલ છે તે સપ્લાય તમારા માટે ઇનવર્ડ સપ્લાય ગણાય.

**મારો અસીલ વર્કસ કોન્ટ્રાક્ટર છે. જેનું રજિસ્ટ્રેશન એપ્રિલ ૨૦૧૯થી કંપોઝીશન ટેકસેબલ પર્સન તરીકે હતું. ત્યાર બાદ ૦૭.૦૬.૨૦૧૯થી નોર્મલ ટેક્સપેયર તરીકે તબદીલ થયેલ છે. કંપોઝીશન માં હતા ત્યારે ૨૫ લાખની ખરીદી તેઓએ કરેલ છે જેની ક્રેડિટ ITC-01થી કરવાની રહી ગઈ છે. હવે માર્ચ મહિનામાં ૪૦ લાખનું સેલ્સ ઈંવોઈસ બનાવ્યું છે. તો જો ક્રેડિટના મળે તો કરદાતાને મોટું નુકસાન થઈ શકે છે. તો હવે આ અંગે શું કરી શકાય? ઈન્પુટ ક્રેડિટ લેવાનો કરવા કોઈ વિકલ્પ રહે? – સંદીપ પટેલ, ગાંધીનગર**

જવાબઃ કંપોઝીશનમાંથી બહાર નીકળવું કે કંપોઝીશનમાં જવા નોર્મલ અરજી કરવાના નિર્ણયો ખૂબ સમજી વિચારીને લેવા જરૂરી છે. કંપોઝીશનની બહાર નીકળવા માટેની જી.એસ.ટી. કાયદા હેઠળ ની જોગવાઈ ૧૮(૧)(C)માં આપેલ છે. આ સાથેનો નિયમ ૪૦ વાંચતાં સ્પષ્ટ છે કે જો ITC 01 ફોર્મ ૩૦ દિવસમાં ના ભરવામાં આવે તો આ ક્રેડિટ મળી શકે નહીં. આ માટે હાઈકોર્ટમાં 'રીટ પિટિશન' કરવાનો કાયદાકીય વિકલ્પ રહે છે. આ સિવાય જો 3Bમાં મેન્યુલ ક્રેડિટ લઈ લેવામાં આવે અને આકારણી સમયે આ અંગે લડવાની તૈયારી રાખવાનો પણ એક જોખમી વિકલ્પ છે. આ કિસ્સામાં ITC-01 ફોર્મ પ્રોપર ઓફિસર ને મેન્યુલી ઇનવર્ડ કરાવવું જોઈએ.

**અમારું રહેણાંકી કોમ્પ્લેક્સના રહીશોનું એશોશીએશન છે. અમારા એપાર્ટમેંટ માં ૨૪ ફ્લેટ છે. અમારું વાર્ષિક મેઈનટેનન્સ ૧૮.૮૫ લાખ જેટલું છે. વધુમાં વધુ વ્યક્તિગ્ત મેઈનટેનન્સ ૭૩૦૦ રૂ નું છે. શું અમારા ઉપર જી.એસ.ટી. લાગે? – ઘનશ્યામ સોલંકી, બેંગલોર**

જવાબઃ આ પ્રકારના રહેણાંકી કોમ્પ્લેક્સના વેલ્ફેર એશો. માટે નોટિફિકેશન ૧૨/૨૦૧૭, ની એન્ટ્રી ૭૭ હેઠળ ૭૫૦૦ સુધીનું માહિનાનું પ્રતિ મેમ્બર મેઈનટેનન્સ લેવામાં આવતું હોય તો તેના ઉપર કોઈ જી.એસ.ટી. લાગતો નથી. આમ, ૭૫૦૦થી નીચેનું મેઈનટેનન્સ હોય તમારા રહેણાંકી કોમ્પ્લેક્સ ના એશો. ઉપર કોઈ જી.એસ.ટી. ની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ ભાગીદારી પેઢી છે. આ પેઢી ઘઉં નો લોટ બનાવી વેંચવાનો ધંધો કરે છે. આ ઘઉં નો લોટ ઉપર તેઓ ટ્રેડમાર્ક ધરાવતા નથી. આ વેચાણ સીલ પેકેટ માં કરવામાં આવે છે. આ વસ્તુ કરમુક્ત છે. આ પેઢી ૦૧ જુલાઇ ૨૦૧૭ થી શરૂ થયેલ છે. ૦૭.૨૦૧૭ ના રોજ તેઓ ટ્રાન્સપોર્ટ ભાડા બાબતે RCM ભરવા જવાબદાર હોવાના કારણે જી.એસ.ટી. હેઠળ નોંધણી લેવા જવાબદાર બની જાય છે. તેઓનું ટર્નઓવર ૨૦૧૭-૧૮ તથા ૨૦૧૮-૧૯ માં પણ ઓડિટને પાત્ર થઈ જાય છે. પરંતુ તેઓએ જી.એસ.ટી. નંબર ૦૧.૦૫.૨૦૨૦થી મેળવેલ છે. જી.એસ.ટી. પોર્ટલ ઉપર મે ૨૦૨૦ થીજ રિટર્ન ભરવાનું ઓપ્શન રહેલ છે. તો ૧૫.૦૭.૨૦૧૭થી ૩૦.૦૪.૨૦૨૦ સુધીની જવાબદારી કેવી રીતે ભરવાની થાય? શું મોડા રિટર્ન તથા ઓડિટની પેનલ્ટી લાગુ પડે. ઉપરાંત RMC ઉપર વ્યાજ ભરવાની જવાબદારી આવે? – ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબઃ અમારા મતે ૧૫.૦૭.૨૦૧૭ થી ૩૦.૦૪.૨૦૨૦ થી ભરવા પાત્ર RCM ઉપર જી.એસ.ટી. કાયદાની કલમ ૫૦(૧) હેઠળ ૧૮% વ્યાજ ભરવા પત્ર થશે. નોંધણી દાખલો મોડો લેવા બદલ ૧૦૦૦૦ની પેનલ્ટી જી.એસ.ટી. કાયદાની કલમ ૧૨૨ (xi) હેઠળ લાગે. URD સમય માટેની જવાબદારી દર્શાવવા DRC-03 દ્વારા ભરવાનું રહે. જી.એસ.ટી. કાયદા હેઠળ કલમ ૪૦ હેઠળ ફર્સ્ટ રિટર્ન ભરવાની કાયદાકીય જોગવાય છે પરંતુ આ અંગે કોઈ ફોર્મ જાહેર કરવામાં આવ્યું નથી.

**અમારા એક અસીલ જે કંપોઝીશન હેઠળ છે તેનો ૩૧.૦૩.૨૦૨૦ ના રોજ નોંધણી નંબર રદ કરાવે છે. આ કિસ્સામાં સ્ટોક ઉપર ટેક્સ ભરવાની જવાબદારી તેઓની આવે? જો આવે તો આ કેવી રીતે ભરવાનું થાય? – વિજય પ્રજાપતિ**

જવાબઃ જી.એસ.ટી. કાયદા ની કલમ ૨૯(૫) હેઠળ સ્ટોકમાં રહેલ માલ ઉપર ટેક્સ ભરવાની જવાબદારી આવી શકે. અમારા સેક્શનનું અર્થઘટન અલગ અલગ રીતે કરવામાં આવી રહ્યું છે. અમારા મતે જો ટેક્સપેયર દ્વારા સ્ટોકમાં રહેલ માલ ઉપર ક્રેડિટ લીધેલ હોય તોજ લીધેલ ક્રેડિટ કે આઉટપુટ બે માંથી જે વધુ હોય તેટલી રકમ ભરવાની રહે.

કંપોઝીશન ના કિસ્સામાં કોઈ ક્રેડિટ લીધેલ ના હોય સ્ટોક ઉપર કોઈ ટેક્સ ભરવાનો થાય નહીં. પરંતુ આ અર્થઘટન બાબતે લડત કરવાના સંજોગો પણ ઉપસ્થિતિ થઈ શકે છે. સામાન્ય રીતે કંપોઝીશનમાં સ્ટોકની રકમ મર્યાદિત હોય, તેના ઉપર કંપોઝીશનના દરે જે વેરો ભરવાનો થાય તે નાનો હોય તો તે ભરી માનસિક શાંતિ મેળવવાનો વિકલ્પ વધુ સારો ગણાય. સામાન્ય રીતે નોંધણી દાખલો રદ કરવાની અરજી REG-16માં જ આ સ્ટોક દર્શાવી ટેક્સ ભરી દેવો જોઈએ. જો ના ભરેલ હોય તો DRC-03 વડે આ ટેક્સ ભરી શકાય છે.

**મારો પ્રશ્ન છે કે મારા અસીલ મેન્યુફેક્ચરિંગ અને ટ્રેડીંગ પણ કરે છે. તે ડ્રેસ બનાવે છે અને જોબવર્ક પણ કરે છે.**

**(૧) Circular No.56/30/2018-GST મુજબ ૩૦/૦૭ સુધીની ITC જતી કરવાની છે જો આ ITC જતી ના કરીએ તો ભવિષ્યમાં વ્યાજ ભરવાનું થાય કે નહિ?**

**(૨) Circular No.56/30/2018-GST મુજબ ૩૦/૦૭ સુધીની ITC જતી કરવાની છે પણ મારા અસીલે મેન્યુફેક્ચરિંગ ૦૧/૦૪/૨૦૧૮થી ચાલુ કરેલ છે તો રીફંડની અરજી કરવામાં આવે તો શું ૦૧/૦૭/૨૦૧૭ થી ૩૦/૦૭/૨૦૧૮ની બધી ITC જતી કરવી પડે કે પછી ૦૧/૦૪/૨૦૧૮થી ITC જતી કરવી પડે?**

**(૩) જે ITC જતી કરવાની છે તે માત્ર કાપડની કરવાની થશે કે કેમિકલ, કલરની ITC પણ જતી કરવાની થશે? – તૃપ્તિ ઢેઢી, એડવોકેટ (જેતપુર)**

જવાબઃ તમારા અસિલે સર્ક્યુલર ૫૬/૩૦/૨૦૧૮ મુજબ, ૩૧.૦૭.૨૦૧૮ ની ઇનવરટેડ ક્રેડિટ જેટલી જમા હોય તેટલી રિવર્સ કરવાની થાય.

**અમારા અસીલ મર્ચન્ટ એક્સપોર્ટર ને ૦.૧૦ લેખે વેચાણ કરે છે. તેઓની ખરીદી ૧૮% લેખે છે. તો આવા કિસ્સામાં તેઓને રિફંડ ઈનવરટેડ રેઈટ તરીકે મળે કે કોઈ અન્ય રીતે? – વિરેશ ખરાડી, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ હા, મર્ચન્ટ એક્સપોર્ટરને રાહત દરે કરેલ વેચાણ બાબતે રિફંડ ઇનવરટેડ રેઈટ સ્ટ્રક્ચર તરીકે મળે.

**અમારા અસીલ જી.એસ.ટી. હેઠળ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ તરીકે નોંધાયેલ છે. તેઓ આ ઉપરાંત કોમ્પ્યુટર જોબવર્ક નું કામ પણ કરે છે. મારો પ્રશ્ન એ છે કે આ કિસ્સામાં મારા અસિલે કોમ્પ્યુટર જોબ વર્કની આવક પણ જી.એસ.ટી.માં દર્શાવવી પડે કે માત્ર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ કે જેના માટે તેણે નોંધણી લીધેલ છે તેજ બતાવવું પડે? – વિજય પ્રજાપતિ, ટેક્સ કન્સલ્ટન્ટ**




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

જવાબઃ હા, તેઓએ કોમ્પ્યુટર જોબવર્ક ઉપર પણ જી.એસ.ટી. ભરવો પડે. આ જોબ વર્ક પણ એગ્રીગેટ ટર્નઓવર નો ભાગ ગણાય.

**અમારા અસીલ બિલ્ડર છે. તેઓ એ બિલ્ડીંગનું બાંધકામ પુર્ણ કર્યા સુધી કોઈ એડવાન્સ રકમ લીધી નથી. અમારા અસિલે કંપલીશન સર્ટિફિકેટ માટે અરજી કરેલ છે. કમ્પ્લિશન સર્ટિફિકેટ હજુ આવેલ નથી પણ અમારા અસીલ દસ્તાવેજ કરી આપવા માંગે છે કંપલીશન સર્ટિફિકેટ આવ્યા પેલા, તો જી.એસ.ટી. લાગુ પડે? – મેહુલ પરમાર, એડવોકેટ, રાજકોટ**

જવાબઃ જી.એસ.ટી. કાયદા હેઠળ કંપલીશન સર્ટીફીકેટ ખૂબ મહત્વનુ છે. જ્યાં સુધી કંપલીશન સર્ટિના ના મળેલ હોય જી.એસ.ટી. કાયદા હેઠળ એ તૈયાર મકાન ના ગણાય. અમે એ વ્યાવહારિક મુશ્કેલી સમજીએ છીએ કે ઘણા ગામ માં આ કંપલીશન સર્ટિ સમયસર આપવામાં આવતું નથી. અમુક ગામ માં તો આ સર્ટિફિકેટ આપવામાં આવતું નથી એવા પણ દાખલા છે. પણ અમારા મતે જ્યાં સુધી કંપલીશન સર્ટિફિકેટના આપવામાં આવે ત્યાં સુધી થયેલ વેચાણ ઉપર જી.એસ.ટી.ની જવાબદારી આવે. ચાર્ટર્ડ એંજિનિયર દ્વારા આપવામાં આવતા બિલ્ડીંગ યુસ્ડ સર્ટિફીકેટ ના આધારે આ વેચાણ ને જી.એસ.ટી. બહાર ગણવામાં આવે તો ભવિષ્ય માં લડત ની તૈયારી રાખવી પડે.

**અમારા અસીલ માલિકી ધોરણે ધંધો બરફ ઉત્પાદન નો ધંધો ચલાવતા હતા. તેઓ રેગ્યુલર સ્કીમ માં હતા. હવે તમને તેમનો ધંધો ભાડા ઉપર આપવો છે. આ અંગે નીચે મુજબ ના પ્રશ્નો છે.**
**૨૦૧૮-૧૯ માટે બરફની હેરફેર કરવાં માટે જે ટ્રક ખરીદી કરેલ અને તેના વીમાની રકમ બંનેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓએ લીધેલ છે. હવે જ્યારે આ પ્લાન્ટ ભાડા ઉપર આપવામાં આવે અને ભાડે રાખનાર કંપોઝીશનમાં હોય તો શું ક્રેડિટ રિવર્સલ કરવાની થાય?**
**આવી રીતે મે ૨૦૧૭-૧૮ અને ૧૮-૧૯માં મશીનરીની ખરીદી કરી હતી. આ અંગે પણ ક્રેડિટ લીધેલ હતી. શું આ ક્રેડિટ રિવર્સ કરવાની રહે?**
**અમારી ભાડાની આવક ઉપર ક્યાં દરે વેરો લાગે?**
**જો આઈસ ફેક્ટરી ઉપરાંત ટ્રક ભાડે આપી દેવામાં આવે તો ભાડા ઉપર ક્યાં દરે વેરો લાગે?**
**જો આઈસ ફેક્ટરી ભાડે આપું અને ટ્રક છૂટક ભાડે ચાલવું તો ક્યાં દરે વેરો લાગે? – નિલેષ લાખાણી, એડવોકેટ, કોડીનાર**

જવાબઃ તમારા પ્રશ્નોના જવાબ અમારા મતે નીચે મુજબ છે.

૧. ૨૦૧૮-૧૯માં ટ્રકની ખરીદી કરેલ હતી અને ટ્રક અને વિમાની રકમની જે ક્રેડિટ લીધેલ હતી એ જ્યારે પ્લાન્ટ ભાડે આપવામાં આવે તો પ્લાન્ટ ભાડે રાખવાનીની સેવા પણ ટેકસેબલ સેવા હોય આ ક્રેડિટ રિવર્સ કરવાની થાય નહીં.
૨. આવીજ રીતે મશીનરી ની ક્રેડિટ જે લીધેલ છે તે રિવર્સ કરવાની થાય નહીં.
૩. કમર્શિયલ ભાડાની આવક ઉપર ૧૮% લેખે જી.એસ.ટી. લાગે.ટ્રક જો છૂટક ભાડે ચલાવવા માં આવે તો તમારે જી.એસ.ટી. કાયદા હેઠળ નોટિફિકેશન ૧૨/૨૦૧૭, તાઃ ૨૮.૦૬.૨૦૨૦ની એન્ટ્રી ૧૮ મુજબ NIL રેઈટ લાગુ પડે. આ સંજોગોમાં ખરીદેલ ટ્રક ની ક્રેડિટ જી.એસ.ટી. નિયમોના નિયમ ૪૩ મુજબ રિવર્સ કરવાની રહે.

**અમારા અસીલ ભાગીદારી પેઢી છે. તેઓ મકાનના ડેવલોપમેંટનું કામ કરે છે. તેઓ જમીન ખરીદતા નથી પરંતુ જમીન માલિક સાથે એ પ્રકારે સમજૂતી કરે છે કે જમીનના પ્લોટ નો દસ્તાવેજ જમીન માલિક ખરીદનારને કરી આપે. અમારા અસીલ માત્ર ડેવલોપમેન્ટ કરી આપે છે. બેન્ક લોનના કિસ્સામાં જમીન સહિતની કિમત મારા અસીલના ખાતામાં આવે છે. આ પૈકી જમીનની કિમત અમારા અસીલ જમીન માલિકને આપી દે છે. અમારા અસીલના પ્રોજેક્ટના તમામ રહેણાકી મકાન *એફોરડેબલ હાઉસિંગ કાઈટરીયા* માં પડે છે. હવે પ્રશ્ન એ છે કે શું આ સેવા પૂરી પાડતા અમારા અસીલને એફોરડેબલ હાઉસિંગ હોવાથી ૧% ના વિશેષ દર નો લાભ મળે? – CA વિમલ પરિખ**

જવાબઃ અમારા મતે, આ જોઈન્ટ ડેવલોમ્પમેંટ એગ્રીમેન્ટ પ્રકાર ની પ્રવૃતિ ગણાય. આ કિસ્સામાં એફોરડેબલ હાઉસિંગ હોવાથી ૧% ના દર નો લાભ મળે તેવો અમારો મત છે.

**અમારા અસીલને પાણી ઠંડુ કરવાનો 'ચિલિંગ પ્લાન્ટ' શરૂ કરવાનો છે. જેમાં ૧૫ લાખની મશીનરી ખરીદી થશે. ઇલેક્ટ્રીક બિલ દર માસ ૪ લાખ આસપાસ આવશે. આ પ્લાન્ટ માં કોઈ કેમિકલ નાખી પ્રોસેસ નથી કરવાનું માત્ર પાણી ઠંડુ કરવાનું છે. આ પાણી ઠંડુ કરી અખાદ્ય બરફ બનાવવા આઈસ ફેક્ટરી ને મોકલવાનો છે. આ ઠંડા પાણી ઉપર કેટલા % લેખે જી.એસ.ટી. લાગે? અમારે જી.એસ.ટી. નંબર લેવો પડે કે કેમ? – વિજય લાખાણી, એડવોકેટ, કોડીનાર**

જવાબઃ અમારા મતે તમારા અસીલ દ્વારા કરવામાં આવતી અખાદ્ય બરફ માટેના પાણી ને 'ચિલિંગ' કરવાનીની પ્રવૃતિ પછી પણ પાણી તેનો ગુણધર્મ બદલતી ના હોય તે HSN-2201 હેઠળ કરમુક્ત ગણાય. માત્ર અખાદ્ય 'વોટર ચિલિંગ'ની પ્રવૃતિઓ કરવામાં આવતી હોય તો જી.એસ.ટી. હેઠળ નંબર લેવો ફરજિયાત રહે નહીં તેવો અમારો મત છે.

**અમારે કવોરીનો ધંધો છે. અમો અમારા ગ્રાહકોને કપચી પહોચાડવા માટે ટ્રક નો ઉપયોગ કરીએ છીએ. અમે જી.એસ.ટી. નંબર ધરાવતા નથી કે જી.એસ.ટી. નંબર લેવા જવાબદાર પણ નથી. તેઓની પાસે ટ્રક ભાડે લાવીએ છીએ. તેનું વાર્ષિક ભાડું ૧,૨૦,૦૦૦ (એક લાખ વીસ હજાર ) ચૂકવીએ છીએ. વાર્ષિક ભાડાની રકમ ઉપર ૧૩/૧૦/૨૦૧૭ થી કોઈ પણ પ્રકારનો RCM કે અન્ય કોઈ પ્રકારનો વેરો ભરવાનો થાય કે નહીં? – દેવેન્દ્ર સોલંકી**

જવાબઃ ના, ૧૩.૧૦.૨૦૧૭ થી જી,એસ.ટી. કાયદા ની કલમ ૯(૪) હેઠળ અનરજિસ્ટર્ડ પર્સન ઉપર નો જી.એસ.ટી. લાગતો ના હોવાથી તથા તમારો વ્યવહાર GTS (ગુડ્સ ટ્રાન્સપોર્ટ એજન્સી) નો ના હોવાથી અમારા મતે તમારે જી.એસ.ટી. હેઠળ વેરો ભરવાનો થાય નહીં.

**અમો ઓઈલ મિલ ધરાવીએ છીએ. જેમાં મશીનરી OGSથી ખરીદ કરેલ છે. IGST બિલમાં ખરીદી જી.એસ.ટી. લગાડીને આવેલ છે. આ મશીનરીનો ઉપયોગ પીલાણ કરવામાં થાય છે. આ પીલાણ કરતાં ખોળના ઉત્પાદન જેટલી PROPORTIONATE I.T.C. ઘટવાની થાય? IGST કેવી રીતે ઘટાડવાની થાય? પરંતુ બેલન્સમાં CGST અને SGST છે. તો IGST કેવી રીતે ઘટાડવી? – નીલમ પરમાર, અમદાવાદ**

જવાબઃ હા, તમારે IGST ઉપર કરેલી મશીનરીની ખરીદીની ક્રેડિટ જી.એસ.ટી. નિયમોના નિયમ ૪૩ મુજબ ઘટાડવાની થાય. તમારે GSTR 3Bમાં IGSTમાં રકમ રિવર્સલ માં બતાવવાની રહે. આ રકમ CGST તથા SGSTમાંથી એડજસ્ટ થવા દેશે.

**અમારા અસીલ એવા ગ્રામ પંચાયત અને લોકલ ઓથોરીટી ઑને દુકાન તથા જમીન ભાડાની વાર્ષિક આવક ૨૦ લાખ થી વધુ છે. તો ફોરવર્ડ ચાર્જ હેઠળ ૧૮% જી.એસ.ટી.ભરવાનો રહે? – નીલમ પરમાર, અમદાવાદ**

જવાબઃ હા, ફોરવર્ડ ચાર્જ હોય તો ૧૮% જી.એસ.ટી. ભરવાનો રહે. પણ નોંધાયેલ કરદાતાઓ એ ગ્રામ પંચાયત, નગરપાલિકા ને ચૂકવવાનું થતું ભાડું રિવર્સ ચાર્જ હેઠળ ભરવાનું થાય તે બાબત નોંધવી રહી.

**અમો પથ્થર ની લિઝ ધરાવીએ છીએ. જેમાં J.C.B.નું ભાડું ચૂકવીએ જે URD છે. તો અમારે તે ભાડાની ચુકવણી ઉપર કોઈ વેરો ભરવાનો થાય ? – નીલમ પરમાર, અમદાવાદ**

જવાબઃ ના, ૧૩.૧૦.૨૦૧૭થી અનરજિસ્ટર્ડ પર્સન (URD) પાસેથી કરેલ માલ કે સેવાની ઈનવર્ડ સપ્લાય ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી તમારા અસીલની પ્રવૃતિ જોતાં આવે નહીં.

**અમારે મંડપ ડેકોરેસનનો ધંધો છે તેમાં જી.એસ.ટી. નંબર મારા માતા ના નામે છે. અને તે અવસાન પામેલ છે. તો તેમની બેલેન્સ સીટ માં ફિક્સ એસેટ માં ટેમ્પો મંડપ ને લગતા સાધનો, દુકાન, પર્સનલ ટુવિલર , ફોર વિલર તથા CCTV CAMERA છે. તો આ વસ્તુઓ પર જી.એસ.ટી. ભરવાની જવાબદારી થાય કે નહીં? અને થાય તો વેરા નો દર જણાવો? જો વેરા ભરવાની રકમ ઉપસ્થિત થાય તો માતાના જી.એસ.ટી. નંબર માથી મારા જી.એસ.ટી. નંબર માં બિલ બનાવી મિલકત ટ્રાન્ફર કરવામાં આવે તો ક્રેડિટ મળે કે નહીં? – પૂરવ યુ સોલંકી, ટેક્સ કન્સલ્ટન્ટ, અમદાવાદ**

જવાબઃ સૌ પ્રથમ વાત કરીએ બેલેન્સ શીટ માં દર્શાવવામાં આવેલ ફિક્સ્ડ એસેટ ની. જો આ મિલકતો (ફિક્સ એસેટ) જો વેચવામાં આવે તો તેના ઉપર ટેક્સ ની જવાબદારી આવે. પણ જો મિલકત વેચવામાં ના આવે તો અમારા મતે જી.એસ.ટી. કાયદા ની કલમ ૨૯(૫) હેઠળ જો આ મિલ્કત અંગે ક્રેડિટ લેવામાં આવેલ હોય તો રિવર્સલ કરવાની અથવા આઉટપુટ ટેક્સ બે માંથી જે વધુ હોય તે ભરવાની જવાબદારી આવે.

જો માતાનું મૃત્યુ થયું હોય અને ધંધો ટ્રાન્સફર કરવામાં આવેલ હોય તો જૂના જી.એસ.ટી. નંબર ઉપર મિલ્કત ટ્રાન્સફર બાબતે કોઈ જવાબદારી આવે નહીં. બિલ બનાવવાનો વિકલ્પ યોગ્ય રહે નહીં.

**અમારા અસીલ નો મુખ્યત્વે ધંધો સિવિલ કોન્ટ્રાકટર નો છે. જે રેગ્યુલર સ્કીમ પર જી.એસ.ટી. ધરાવે છે. અમારા અસીલ ને વેચાણ કરનાર કરદાતા COMPOSITION હેઠળ હોવા છતાં અમને ટેક્સ લગાડેલ અને દર્શાવેલ બિલ આપે તો શું અમારે ITC લેવી જોઈએ ? – ભરત બી. મોરિ, કોડીનાર**

જવાબઃ ના, તમારા અસીલ કંપોઝીશનમાં હોય, તેઓએ આપેલ બિલ ની ક્રેડિટ લેવી જોઈએ નહીં. તમને જી એસ ટી કાયદા ની કલમ ૧૬ મુજબ ITC ના મળે. તમારા વેચનાર કરદાતા કોઈ શરત ચૂકથી બિલ ટેક્સ દર્શાવીને આપે તો પણ તેઓ ક્યારેય જી.એસ.ટી.આર. ૧ ભરી શકશે નહીં.

**અમારે GSTR 3Bમાં વેચાણ કરતાં વેચાણ પરત વધારે હોય તો તેના શું નિયમો છે? કારણકે તે 3Bમાં માઈનસ ફિગર સ્વીકરતું નથી. – વિજય પ્રજાપતિ**

જવાબઃ સર્ક્યુલર ૨૬/૨૦૧૭ મુજબ નેગેટિવ ફિગર 3Bમાં લઈ શકશે નહીં. આ માટે તમારે પછીના રિટર્નમાં જ્યારે વેચાણ આવે તેને નેટ ઓફ કરી ને બતાવવું જોઈએ. જે તે વર્ષ પછીના સપ્ટેમ્બર મહિનાના રિટર્ન સુધી આ એડજસ્ટમેંટ કરી શકાય છે.

**અમારે પ્લાયવૂડ નો ધંધો છે. અમે રેગ્યુલર વેપારી તરીકે પત્રકો ભરીએ છીએ. પરંતુ GST આવ્યું ત્યારથી પત્રકો ભરેલ છે પરંતુ ૩૦/૦૬/૨૦૧૭ ના રોજ નો સ્ટોક પડેલ જે વેટ કાયદા મુજબ ગુજરાત બહારથી માલ ખરીદેલ છે. અમારે હવે ઊચકવેરામાં જવું છે પરંતુ સ્ટોકવાળો માલ ITC રિવર્સ કરવાની છે. પરંતુ સ્ટોક ૩૦/૦૬/૨૦૧૭ પહેલા નો છે જેની ITC વેટ કાયદા મુજબ લીધેલ નથી તો ઉચ્ચક વેરા નો લાભ મળે ક નહીં ? – જગદીશ વ્યાસ આસોસિયેટસ**

જવાબઃ અમારા મતે તમારા અસીલ કંપોઝીશન માં જઇ શકે છે. જી.એસ.ટી. નિયમોના નિયમ ૫(B) માં જે બાધ આપેલ છે તે નિયમ ૩(૧) મતે એટલેકે ૨૦૧૬-૧૭ના વર્ષ માં કંપોઝીશન ની અરજી મતે લાગુ પડે. હવે ૨૦૨૦-૨૧ માં ઇન્ટરસ્ટેટ માલ સ્ટોક માં હોય તો પણ કંપોઝીશન નો લાભ મળી શકે.

**જી.એસ.ટી. કાયદા હેઠળ કંપોઝીશન ડીલર ટર્નઓવર ના ૧૦% સુધી અથવા ૫ લાખ બે માંથી જે વધારે હોય તેટલી રકમની સેવા આપી શકે છે. તેઓ વસ્તુ ના વેચાણ ઉપર ૧% જી.એસ.ટી. ભરવા જવાબદાર છે. ઉપરોક્ત લિમિટ માં આપેલ સેવા ઉપર તેઓ કેટલા ટકા લેખે જી.એસ.ટી. ભરવા જવાબદાર બને છે? – વિરેશ ખરાડી, ટેક્સ કન્સલ્ટન્ટ, વલ્લભ વિદ્યાનગર.**

જવાબઃ અમારા મતે જી.એસ.ટી. કાયદા ની કલમ ૧૦(૧) હેઠળ જે વ્યક્તિ ને કંપોઝીશન ની પરવાનગી મળેલ હોય તેમણે પોતાની સેવા બાબતે પણ કંપોઝીશન ના દરે જ (૧% કે ૫%) વેરો ભરવાનો થાય તેવો અમારો મત છે.

**જી.એસ.ટી. ૨૦૧૮-૧૯ના વાર્ષિક રિટર્નમાં હજુ ૨૦૧૭-૧૮ માં લેવામાં આવેલ ટ્રાન્સ-૧ની ક્રેડિટ દર્શાવવામાં આવી રહી છે. શું આ ક્રેડિટને ડિલીટ કરીને ૨૦૧૮-૧૯ ના રિટર્ન ભરી આપવું જોઈએ કે ટેકનિકલ મુશ્કેલી દૂર થાય તેની રાહ જોવી જોઈએ? – દિપેશ ઠૂમ્મર, સુરત**

જવાબઃ હા, આ ક્ષતિ ટેકનિકલ ક્ષતિ છે. તમારે ટ્રાન્સ ૧ ની ક્રેડિટ ડિલીટ કરી વાર્ષિક રિટર્ન ભરવું જોઈએ.

**અમોએ ૨/૨/૨૦૧૭ થી ૩૦/૦૬/૨૦૧૭ સુધી વેટ કાયદા હેઠળ કામ્પોઝીસન હેઠળ વેટ નંબર ધરાવતા હતા. વેટનંબર મેળવતી વખતે ભરેલ ડીપોઝીટ રૂપીયા ૨૩૦૦૦/- વેરા કાયદા હેઠળ જમા કર્યા હતા. તા. ૧/૭/૨૦૧૭ થી GST કાયદા હેઠળ અમો કમ્પોઝીસનમાં જવા માંગતા હતા. પરંતુ OPTIONના ખુલતા રેગુલર હેઠળ માઈગ્રેટ થઈ રીટર્ન ભરતા હતા. તા. ૧/૧૦/૨૦૧૭થી OPTION ખુલતા ત્યારથી અમો કમ્પોઝીસન હેઠળ વેરો ભરીએ છીએ તો વેટ કાયદા હેઠળ જમા રૂપિયા ૨૩૦૦૦/-TRANS-1માં ITC તરીકે CLAIM કરતા નથી તેમજ વેટ કાયદા હેઠળના 202Aમાં પણ રિફંડ માંગેલ નથી તો ઉપરોક્ત ૨૩૦૦૦ /- રૂપિયા જમા છે તે કેવી રીતે પાછા મેળવી શકીએ? – હેમાંગી શેઠ**

જવાબઃ તમે આ કિસ્સામાં વેટ ડિપાર્ટમેંટ માં અરજી કરી ૨૩૦૦૦/- નું રિફંડ માંગી શકો છો. તમે ટ્રાન્સ ૧ માં અરજી કરેલ ના હોય રિફંડ બાબતે કોઈ પ્રશ્ન ઉદ્દભાવી શકે નહીં. અમારા મતે તો જેમને શરત ચૂકથી TRAN-1 દ્વારા ક્રેડિટ મંગેલ છે તેઓને પણ રિફંડ આપવા સરકાર બંધાયેલી છે.

**અમારા અસીલ કમ્પોઝીશન ડીલર છે. તેઓની મોટાભાગની ખરીદી URD હોય છે. આ ખરીદીઓ ઉપર કોઈ ટેક્સ ભરતા નથી. અમે માત્ર વેચાણ પર ૧% લેખે GST ભરાવીએ છીએ. શું આ URD ખરીદ પર GST ભરવો પડે? અને ભરવો પડે તો ક્યાં દરે ભરવો પડે? – પરેશભાઈ ટી. દરજી, જુનાગઢ**

જવાબઃ ના, આ URD ખરીદી ઉપર સામાન્ય રીતે તમારે જી.એસ.ટી. ભરવો પડે નહીં. સામાન્ય રીતે એટલા મતે કે જી.એસ.ટી. કાયદા હેઠળ અમુક ઇનવર્ડ સપ્લાય ઉપર RCMની જવાબદારી આવે. આ મતે તમારે જી.એસ.ટી. નોટિફિકેશન (રેઈટ) ૧૩/૨૦૧૭, તા.૨૮.૦૬.૨૦૨૦ જોઈ જવા વિનંતી.

### -: ખાસ નોંધ :-

૧. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.
૨. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઇ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્ન સાથે તમારું પૂરું નામ, વ્યવસાય તથા ગામનું નામ અચૂક લખવા વિનંતી. સોમવારથી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નોના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કૉલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં ઈનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

## ટેક્ષ એડવોકેટ એસોસીએશન-ગુજરાતના હોદ્દેદારોને 'ટેક્ષ ટુડે'ની હાર્દિક શુભેચ્છા

### ૨૦૨૦-૨૧ની એસોસીએશનની ટીમ



પ્રમુખશ્રી
શ્રી સુનિલ મનોહર કેસવાણી



સેક્રેટરીશ્રી
શ્રી પ્રતિક નરેન્દ્રભાઈ પટેલ

**ઓફિસ બેરર્સ**

(૧) શ્રી સુનીલ એમ કેસવાણી - પ્રમુખશ્રી
(૨) શ્રી પિનાકીન ડી પટેલ - ઉપપ્રમુખશ્રી
(3) શ્રી પ્રતીક એન પટેલ - માનદ સેક્રેટરીશ્રી
(l) શ્રી વસંત એન પટેલ - માનદ જોઈન્ટ સેક્રેટરીશ્રી
(૫) શ્રી પંકજ એલ શાહ - માનદ ખજાનચીશ્રી

**કમિટી મેમ્બર્સ**

(૧) શ્રી મનીષ બી જોશી (IPP)
(૨) શ્રી જીગ્નેશ જે પટેલ
(3) શ્રી કિંજલ આર શાહ
(l) શ્રી અનિલ આર પરીખ
(૫) શ્રી જયદીપ એમ પટેલ
(ઙ) શ્રી અનિલ આર ટીમબાડિયા
(૭) શ્રી જૈમિન આર ઠક્કર
(Ð) શ્રી બિંદેશ આઈ શાહ

◆ Year: 4, ◆ Issue No.9, ◆ Continue Issue No.44, ◆ Date: 20/06/2020, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.